સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

મે - ૨૦૧૫ બે વર્ષ લવાજમ રૂ.૧૬૦/-



તીર્થધામ સરધારને આંગણે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી
**પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના દિવ્ય સાનિધ્યમાં યોજાયેલ કીર્તન સંગીત - લોકસાહિત્ય -
સંતવાણી - હાસ્ય તથાગૌરવવંતા ગુજરાતની સામાજિક પ્રતિભાનો દ્વિતીય
**'રત્નાકર સન્માન સમારોહ'** (તા. ૫-૫-૧૫)






'મહોત્સવના યજમાનશ્રી' ન્યાલકરણ ગ્રુપ-વડોદરા



'કીર્તન સંગીત રત્નાકર' શ્રી જયેશભાઈ સોની



'લોકસાહિત્ય રત્નાકર' શ્રી માયાભાઈ આહિર



'સંતવાણી રત્નાકર' શ્રી લક્ષ્મણભાઈ બારોટ



'હાસ્ય રત્નાકર' શ્રી ધીરુભાઈ સરવૈયા




તીર્થધામ સરધારને આંગણે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ કીર્તન સંગીત - લોકસાહિત્ય - સંતવાણી - હાસ્ય તથા ગૌરવવંતા ગુજરાતની સામાજિક પ્રતિભાનો દ્વિતીય 'રત્નાકર સન્માન સમારોહ' (તા. ૫-૫-૧૫)

પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સન્માનપત્ર સ્વીકારતા ૧. કાવ્ય રત્નાકર શ્રી રાવતબાપુ ભગત. ૨. માનવસેવા રત્નાકર શ્રી વિશ્રામભાઈ - સિસલ્સ વતી શ્રી જે.બી. સોલંકી. ૩. ઉદ્યોગ રત્નાકર શ્રી સવજીભાઈ ધોળકીયા વતી તેમના પિતાશ્રી ધનજીદાદા - સુરત. ૪. ઉદ્યોગ રત્નાકર શ્રી મનસુખભાઈ પાણ - સરધાર. ૫. રક્તભામાશા રત્નાકર શ્રી જગતસિંહ જાડેજા - રીબડા. ૬. ચિત્રકલા રત્નાકર શ્રી ફતેહસિંહ વાળા - ગઢડા. ૭. લેખન રત્નાકર શ્રી જય વસાવડા. ૮. ધન્વંતરી રત્નાકર ડો. શ્રી એસ.ટી. હેમાણી - રાજકોટ. ૯. સંગીત રત્નાકર શ્રી કાંતિભાઈ સોનછત્રા વતી તેમના શિષ્યો સંગીતકાર શ્રી રવિ વ્યાસ તથા કુણાલ પરમાર. ૧૦. સંગીત રત્નાકર શ્રી પંકજ ભટ્ટ. ૧૧. ડૉ. શ્રી દશરથ યાદવ. ૧૨. વિદ્વતવર્ય શ્રી ભાવપ્રકાશ ગાંધી. ૧૩. શ્રી જયદીપસિંહ ગોહિલ (ઈન્ડિયા ગોટ ટેલેન્ટ) ૧૪. કવિ શ્રી કેતન કાનપરીયા. ૧૫. શ્રી અરવિંદભાઈ ડુંગરાણી (શ્રીજી આર્ટ). ૧૬. સંગીતકાર શ્રી મનોજ-વિમલ.

# રત્નાકર સન્માન સમારોહ - સરધાર



તીર્થધામ સરધારને આંગણે **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** દ્વારા પ.પૂ. ધ.ધુ. **આચાર્ય મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના દિવ્ય સાનિધ્યમાં **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ કીર્તન સંગીત - લોકસાહિત્ય - સંતવાણી - હાસ્ય તથા ગૌરવવંતા ગુજરાતની સામાજિક પ્રતિભાનો દ્વિતીય **'રત્નાકર સન્માન સમારોહ'** (તા. ૫-૫-૧૫)

પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા કીર્તન સંગીત - લોકસાહિત્ય - સંતવાણી અને હાસ્ય પ્રતિભાના રત્ન કલાકારોનું સન્માન. ૧. શ્રી હરદેવ આહિર ૨. શ્રી જીતુભાઈ દ્વારકાવાળા ૩. શ્રી ખીમજીભાઈ ભરવાડ ૪. શ્રી અભેસિંહ રાઠોડ ૫. શ્રી ઓસમાણ મીર ૬. શ્રી કીર્તીદાન ગઢવી ૭. શ્રી હરેશદાન ગઢવી ૮. શ્રી અનુભા ગઢવી ૯. શ્રી જીતુદાદ ગઢવી ૧૦. શ્રી ઘનશ્યામ લાખાણી ૧૧. શ્રી સુખદેવ ધામેલીયા ૧૨. શ્રી મનસુખભાઈ વસોયા. ૧૩. શ્રી અનમોલ ખત્રી તથા ૧૪. શ્રી નિલાદ્રી ચેટરજી ('સારેગમપ લીટલ ચેમ્પ' રનરઅપ) ૧૫. શ્રી હેંમત જોષી તથા ૧૬. શ્રી ઘનશ્યામ મારડીયા (ડીરેક્ટર - લક્ષ્ય ચેનલ)














જૂનાગઢ પ્રદેશના **સુકી સાજડીયાળી** (તા.રાજકોટ) ગામને આંગણે **પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના સાન્નિધ્યમાં સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ **નૂતન શ્રી સ્વામિનારાયણ હરિમંદિર**નો ઉજવાયેલ **'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ'** તથા **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'** (તા. ૧૫ થી ૧૭-૫-૨૦૧૫)








**પાદરીયા** (તા.જી. ભરુચ) ગામને આંગણે તૈયાર થયેલ **નૂતન શ્રી સ્વામિનારાયણ હરિમંદિર**નો ઉજવાયેલ **'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ'** (તા. ૨૪-૪-૧૫)








**સરાકડીયા** (તા.ખાંભા) ગામને આંગણે તૈયાર થયેલ **નૂતન શ્રી રાધાકૃષ્ણ મંદિર**નો ઉજવાયેલ **'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ'** (તા. ૨૫-૪-૧૫)



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

# સ્વામિનારાયણ ચિંતન


**વર્ષ : ૩, અંક : ૪, તા. ૨૦-૦૫-૧૫**

**પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**

**:: પ્રસિદ્ધ કર્તા ::**

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન -વડતાલ વતી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

**પ્રકાશક/માલિક/તંત્રી :-** સાધુ પતિતપાવનદાસજી

**સંપાદક :-** સ્વામી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય)

**સંકલન : સાધુ અમૃતસ્વરૂપદાસજી**
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**લવાજમ દર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર :-**

**ચિંતન કાર્યાલય**

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર,
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧

**www.sardhardham.com, www.svg.org**

**Email :** srdharmandir@gmail.com


## અમૃતવાણી

'साहित्यसंगीतकलाविहीनः साक्षात्पशु पुच्छविषाणहीनः ।
तृणं न खादन्नपि जीवमानः तद् भागधेयं परमं पशूनाम ।।'

જે માણસ પાસે સાહિત્ય નથી, સંગીત નથી અને કળા નથી તે માણસ પૂંછડા અને શિંગડા વગરનો પશુ જ છે. વળી ઘાસ ન ખાઈને તે જીવે છે એ તો પશુઓનું પરમ ભાગ્ય છે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | રત્નાકર સન્માન સમારોહ - ૨૦૧૫ | ૦૬ |
| ૨. | પૂ. સદ્‌ગુરુ સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે ગવાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન કથા અમૃતકણિકા | ૧૮ |
| ૩. | સત્સંગ સમાચાર પત્રિકા | ૨૭ |
| ૪. | કીર્તન-ભક્તિની ઓડિયો MP3 CDનો અલૌકિક રસથાળ | ૩૫ |



**લવાજમ દર :-**
બે વર્ષ : રૂા. ૧૬૦/- , પંચવાર્ષિક : રૂા. ૩૫૦/-, પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-
પરદેશમાં લવાજમ : **$ 200 U.S.A. £ 125 U.K.**



હમારા લક્ષ્ય
विश्व का कल्याण हो...
Online : www.lakshyatv.com

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
**દિવ્ય અમૃતવાણી**
સમય : દરરોજ

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે
**સત્સંગ કથા પારાયણ**
સમય : દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦


પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે
**સત્સંગ કથામૃત**
સમય : દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦

સ્વચ્છતા, સજ્જનતા તથા સફળતાની સાથે ઉડાન કરતો **દિવ્યતા અને ભવ્યતાથી સભર**




# રત્નાકર સન્માન સમારોહ

**સંકલન :-** સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પા. સંદિપ ભગત ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી



## સરધારધામને આંગણે ઉજવાયો **દ્વિતીય**




# - ૨૦૧૫

શ્રી નિત્યસ્વરૂપદાસજી



**શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** આ ભૂમંડળ પર બધાથી **અદકેરો** એટલા માટે છે કે, આ સંપ્રદાયમાં જીવન જીવવાના અને જીવન પછીના **દિવ્યજીવન**ને પામવાના **બધા જ પાસાઓ** છે.

આ સંપ્રદાયમાં વિશ્વમાં ક્યાંય જોવા ન મળે તેવો **જીવંતધર્મ** છે. ધાતુ, પાષાણ કે ચિત્રની મૂર્તિને મૂર્તિમંત થવા મજબૂર કરી દે એવી **પ્રેમભક્તિ** છે, વિશ્વભરની તમામ ફિલોસોફી જ્યાં વિરામ પામી જાય ત્યાંથી જેની શરૂઆત થાય એવો **અગાધ જ્ઞાન**નો ખજાનો છે, રાજમહેલો જેવા આલિશાન મંદિરો હોવા છતાં એક ભગવાન વિના બીજા કોઈ દુન્યવી પદાર્થમાં ક્યાંય પણ બંધન ન થાય એવો **બૃહદ વૈરાગ્ય** છે, નૈષ્ઠિક અષ્ટાંગ **બ્રહ્મચર્ય** છે. શુકજી જેવી **આત્મનિષ્ઠા** છે, ગોપીઓ જેવી પતિવ્રતાની નિષ્ઠા છે તો સીતાજી જેવી **સમજણ** છે. ટૂંકમાં **આત્યંતિક કલ્યાણ** માટેનું **'રેડીમેઈડ પ્લેટફોર્મ'** એટલે **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય...!!!**

આ સિવાય પણ ઘણી બધી બાબતોમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય આ ધરા ઉપર **મૂઠી ઊંચેરો** છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય **નિર્વ્યસન**ની સમાજના નિર્માણમાં અવ્વલ છે. ચારિત્ર્યના ઘડતરમાં તો આ **સંપ્રદાય**નો જોટો જ ન જડે. યુવાનોની એકતા દાદ માંગી લે એવી છે. જે તે દેશનું ભવિષ્ય કહેવાય એવા નાના-નાના ભૂલકાઓમાં સંભવિત પ્રતિભાઓને નીખારવાનું **બેસુમાર કાર્ય** આ સંપ્રદાયમાં થાય છે. માનવના હૃદયમાં અન્ય માનવ પ્રત્યે સહિષ્ણુતાનું સિંચન આ સંપ્રદાયમાં થાય છે. માનવીય મૂલ્યોનું જીવની જેમ જતન પણ આ સંપ્રદાયમાં થાય છે. અને વિસારે પડેલી આપણી **ભાતીગળ સંસ્કૃતિ**ને **નવજીવન**ની ભેટ આ સંપ્રદાય દ્વારા જ અપાય છે. અને હા, કોઈપણ વીરલો માનવતાને અને સંસ્કૃતિને જીવાડવા ઝઝૂમતો હોય તો એનું **બહુમાન** કરીને પીઠ થાબડવાનું **કાર્ય** પણ આ સંપ્રદાયમાં થાય છે...!!!

દરેક વ્યક્તિ જીવનમાં કંઈક કરી જવા ઈચ્છે છે. દરેકની આંખોમાં કેટલાય **સપનાઓ** પડ્યા છે. કોઈની ઈચ્છા **મહાન ગાયક** થવાની હોય છે, તો કોઈની **મહાન સાહિત્યકાર** થવાની. હૃદય દીન-દુઃખિયાઓની મદદ કરવા માટે આકુળ-વ્યાકુળ થતું હોય છે. તો કોઈ ગરીબ-વિદ્યાર્થીઓને ભણાવીને **ગાંધીના સપનાના ભારત**નું નિર્માણ કરવામાં પોતાની શક્તિનો સદુપયોગ કરવા ઝંખતા હોય છે. કોઈ નિરાધાર, વૃદ્ધો, ગરીબો, બ્રાહ્મણો, સંતો અને ગૌમાતાની **તનથી સેવા** કરીને પોતાના જીવનને ધન્ય બનાવવા ઈચ્છતા હોય છે તો કોઈ ધનથી સેવા કરીને પોતાના જીવનને ધન્ય બનાવવા ઈચ્છતા હોય છે. કોઈને **મહાન લેખક** બનીને મા-ભોમની ભાતીગળ સંસ્કૃતિનો પ્રચાર કરવો છે, તો કોઈને **કવિ** બનીને જન-જનના હૈયાની ઊર્મિઓને ગીતરૂપે હોઠો પર લાવીને **'વસુધૈવ**

**કુટુમ્બકમ્**'નો સંદેશો ફેલાવવો છે. કોઈને **ડોક્ટર** થઈને સમાજને તનથી તંદુરસ્ત બનાવવાની મહત્વાકાંક્ષા છે તો કોઈને **મહાન સંત** થઈને **'ઈશાવાસ્યમિદં સર્વમ્'**નો દિવ્ય સંદેશ આપીને મુમુક્ષુઓને આંતરિક તંદુરસ્તી બક્ષવી છે.

દરેક વ્યક્તિના જીવનની શરૂઆતના સમયની આંખો આવા **અનેક શમણાઓ**થી છલોછલ છલકાતી હોય છે પણ, એ સપના પૂરા એના જ થતા હોય છે જે જીવનમાં અનેક **કસોટીની એરણ** ઉપર ચડ્યા પછી પણ મચક ન આપે.... પોતાના લક્ષ્યને ન છોડે. જેમ કોઈ આફત આવી પડે ત્યારે માણસ કોઈપણ ભોગે પહેલા પોતાનું જીવન બચાવવાની કોશિશ કરે છે ત્યારબાદ પોતાની ઘરવખરી બચાવવા પ્રયત્ન કરે છે તેમ ગમે તેવા આંતરિક કે બાહ્ય વાવાઝોડામાં કોઈપણ ભોગે પોતાના શુભ ધ્યેયને ન છોડે એ જ વ્યક્તિ સમયરૂપી **છીપ**ના **ગર્ભ**માં પાકીને સાચું **'રત્ન'** બની શકે છે.

અને જે વ્યક્તિ પોતાના જીવન દરમ્યાન એવું **એકલક્ષી જીવન** જીવીને બીજા અનેક વ્યક્તિઓને છીપ માછલીની **હુંફ** આપી સાચા 'રત્ન' જેવા બનાવી દે તેને જ ખરા અર્થમાં **'રત્નાકર'** કહેવાય.


ગુજરાતની ધીંગી ધરા માત્ર રત્નોની જ ખાણ નથી, પરંતુ આવા કેટલાય 'રત્નાકરો' પણ આ **ગૌરવવંતી વસુંધરા** પર પાક્યા છે. ગુજરાતની **મહાન પ્રતિભાઓ**ના અથાગ પરિશ્રમ અને સ્વાભિમાનને બિરદાવવા માટે એના જ એક ભાગરૂપે તાજેતરમાં જ સર્વાવતારી ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી અને **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા **પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ** દ્વારા **ગઢડા-જૂનાગઢ ટેમ્પલ બોર્ડ**ની શુભેચ્છા સહ **જૂનાગઢ શ્રી રાધારમણ દેવ**ના તાબાના **તીર્થધામ સરધાર** ખાતે **તા. ૫-૫-૨૦૧૫, મંગળવાર**ના રોજ કીર્તન સંગીત - લોકસાહિત્ય - સંતવાણી - હાસ્ય અને સામાજિક પ્રતિભાનો દ્વિતીય **'રત્નાકર સન્માન સમારોહ'** પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં તથા પૂ. સંતો-મહંતોની પાવન નિશ્રામાં અને વિશાળ જનમેદનીની ઉપસ્થિતિમાં **ભવ્યાતિ ભવ્ય** રીતે ઉજવાય ગયો.

તીર્થધામ સરધારમાં યોજાયેલ અગિયારમો **'શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ'**ની પૂર્ણાહુતિની પાવન સંધ્યાએ આ રત્નાકર સન્માન સમારોહમાં ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિના રખેવાળ સંકીર્તનકાર, લોકસાહિત્યકાર, ભજનીક તથા હાસ્યકળાની **ઉમદા પ્રતિભાઓ** તરીકે પ.ભ. **શ્રી જયેશભાઈ સોની, શ્રી માયાભાઈ આહીર, શ્રી લક્ષ્મણભાઈ બારોટ** તથા **શ્રી ધીરુભાઈ સરવૈયા** જેવા દિગ્ગજ **કલાસાધકો**ને તેમજ ગુજરાતના ગૌરવવંતા સામાજિક-શૈક્ષણિક વગેરે લલિતકળાઓમાં ઝળહળતી **પ્રતિભાઓ**ને બ્રહ્મનિષ્ઠ સંતોના અને હજારો જનમેદનીની ઉપસ્થિતિમાં પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે જ્યારે **રત્નાકર પુરસ્કાર** અપાયા ત્યારે વિશાળ જનસમુદાયની સાથે સમગ્ર પ્રકૃતિના હૃદયમયૂરો નાચી ઉઠ્યા હતા. સમગ્ર વાયુમંડળમાં એકજ પંક્તિ વારંવાર રેલાતી હતી - **'મન મોર બની થનગાટ કરે....'**

આ **સન્માન સમારોહ પ્રસંગે** પૂ. શ્રી શેરનાથ બાપુ - જૂનાગઢ, પૂ. કો. શા. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી - ગઢડા, પૂ. મહંત સ્વામી શ્રી ભક્તિપ્રકાશદાસજી - જૂનાગઢ, પૂ. એસ.પી. સ્વામી - ગઢડા, પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી - બગસરા, પૂ. પી.સી. સ્વામી - ઝૂંડાલ, પૂ. મંત્રી સ્વામી - વડતાલ, પૂ. કો. સ્વામી શ્રી પ્રેમવતીનંદનદાસજી - માંગરોળ, પૂ. ગોવિંદ સ્વામી - જૂનાગઢ, પૂ. પુરાણી સ્વામી શ્રીહરિદાસજી - વરજાંગ જાળિયા વગેરે **ધામોધામ**થી સંતો **ઉપસ્થિત** રહ્યા હતા.

વિશેષ અલંકારી ભાષાથી અહેવાલ ન શણગારતા આવો માણીએ આ રઢિયાળી રાતના સાક્ષી અનેક **બ્રહ્મનિષ્ઠ સંતો, રત્નાકરો** અને કેટલાક **મહાનુભાવો**ની જુબાનીમાં ભવ્ય **'રત્નાકર સન્માન સમારોહ'**.






## પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય લાલજી
## શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ

આ રત્નાકર સન્માન સમારોહમાં **ઉપસ્થિત** ધર્મકુળ આશ્રિત સર્વે સંતો-હરિભક્તો તથા જેને **સમગ્ર વિશ્વનું ગૌરવ** ગણી શકાય જેને આજે **રત્નાકર એવોર્ડ**થી સન્માનિત કરવાના છે તેવા તમામ કલાકારો તથા સમાજના શ્રેષ્ઠતમો.

આજે ભારત એ સમગ્ર વિશ્વમાં પોતાની **કલા** અને **સંસ્કૃતિ** માટે જાણીતું છે. આ ભૂમિમાં જે **તત્ત્વ** રહેલું છે તે પછી કલાના ક્ષેત્રે હોય તોય ભલે, પછી તે આધ્યાત્મિકતા ક્ષેત્રે હોય તોય ભલે, પછી તે વિદ્વત્તાના ક્ષેત્રે હોય તોય ભલે. આ તત્ત્વ સમગ્ર વિશ્વમાં એક પોતાની આગવી છાપ અને પ્રતિષ્ઠા સ્થાપિત કરે છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય અને આપણી ભારતીય પરંપરા યુગોથી આ સંસ્કૃતિની - આ કલાની ધરોહરની જાળવણી કરનાર કલાકારોને સન્માનનિત કરતું આવ્યું છે. આપણે **કથાપ્રસંગે** ઘણીવખત **પ્રસંગો** શ્રવણ કરીએ છીએ કે, ભગવાન શ્રી સ્વામિનારાયણની સન્મુખ ગ્વાલિયર આદિક પ્રદેશોથી અનેક સારા ગવૈયા કે કલાકારો આવીને પોતાની કલા પ્રસ્તુત કરી છે તેને શ્રીજીમહારાજે બિરદાવ્યા છે. એ જ પરંપરામાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી પીઠસ્થાન સમયે-સમયે ભારતીય સંસ્કૃતિ અને કલાધરોને સન્માનિત કરતી રહી છે.

ભારતીય સંસ્કૃતિ એ **જીવનપ્રાણ** છે. જો શરીરમાંથી પ્રાણ કાઢી નાખો તો શબ થઈ જાય તેમ આપણા ભારત દેશ અને સમગ્ર વિશ્વમાંથી જો **ભારતીય સંસ્કૃતિ** કાઢી નાખવામાં આવે સમગ્ર વિશ્વ જડ થઈ જાય. આ સંસ્કૃતિના ધબકારાને જીવંત રાખવા માટે, આધ્યાત્મિક ક્ષેત્રમાં જેમ સંપ્રદાયો કાર્યરત છે - સનાતન વૈદિક પરંપરાની ધરોહર લઈને વેદ-પુરાણ આદિકના સિદ્ધાંતોને સમાજ સુધી પહોંચાડીને સમાજમાં એક આદર્શ મનુષ્યજીવન જીવવાનું, માનવતાના સંસ્કારનું સિંચન કરે છે. ત્યારે જીવનના બહુ મૂલ્ય ગુણોને લોકસાહિત્યના માધ્યમથી, કલાના માધ્યમથી માનવસમાજમાં જીવંત રાખવાનું ધબકારા સમાન કામ કરતા હોય તો એ આ **લોકસાહિત્ય કલાકારો** છે. અને એટલા માટે સંપ્રદાય દ્વારા આવા પ્રસંગોનું નિર્માણ થતું હોય છે. પાશ્ચાત્ય સંસ્કૃતિના જોરે સમાજમાં કુસંસ્કારોનું સિંચન આજે વધારે થયું છે ત્યારે આપણી ભાવિપેઢીના સંસ્કારોને જીવંત રાખ્યા છે અને રાખતા રહેશે એવા કલાકારોનું સન્માન **રત્નાકર સન્માન સમારોહ**ના માધ્યમથી થઈ રહ્યું છે. ગુજરાત-ભારત અને સમગ્ર વિશ્વનું **ગૌરવ** ગણાતા એવા તમામ કલાકારો નું સન્માન કરતા અમો ગૌરવ અનુભવીએ છીએ. અમો ઘણીવખત સંતોને પણ **ટકોર** કરીએ છીએ કે, વક્તાઓનું એક દાયિત્વ છે કે સમાજ સુધી શુદ્ધ અને પવિત્ર જ્ઞાન પહોંચાડવું. કથાપારાયણોના માધ્યમથી કે ઉપદેશોના માધ્યમથી જેને **નિર્મળ** કહી શકાય - જેને કલંક રહિત કહી શકાય એવી જે **જ્ઞાન**ની **ગંગા** સમાજ ને શ્રોતા સુધી પહોંચાડવી. લોકસાહિત્યકારોની પણ એક **જવાબદારી** છે કે, આપણી **ભારતીય સંસ્કૃતિ**ને તેની **વાસ્તવિક છબી** સમાજ સુધી નિષ્પાપ થઈને પહોંચાડીને આ **સાહિત્યનું રક્ષણ** કરવું. હલકું સાહિત્ય મળવું બહુ સહેલું છે, સસ્તુ સાહિત્ય - ક્ષુલ્લક સાહિત્ય અને એના દ્વારા સમાજમાં મનોરંજન કરાવવું ઘડી-બેઘડી માટે બહુ સરળ છે, પણ લોકોના જીવ સુધી ઉતરીને લોકોના જીવનમાં પરિવર્તન લાવવું તે બહુ **કઠિન કાર્ય** છે. માટે એ આપણી ભારતીય સંસ્કૃતિને મજબૂત કરવાની આ તમામ કલાકારોને ભગવાન શ્રીહરિ **શક્તિ-બળ** આપે તેવી **પ્રાર્થના** સહ... **જય શ્રી સ્વામિનારાયણ.**






### પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી (સરધાર)

ગુજરાતની **ગૌરવવંતી વસુંધરા** પર અનેક રત્નો **આકાશના તારલાની જેમ** આ ધરાને ઝળહળાવી રહ્યા છે. પરંતુ આવા અનેક રત્નોની જે આકર એટલે કે ખાણ હોય તેને **'રત્નાકર'** કહે છે. અર્થાત્ કેટલાય રત્નો જેમના વિશાળ બાહુપાશ નીચે સેવાઈને ઝળહળતા હોય એવા રત્નાકરો પણ આ **ખમીરવંતી ભોમકા** ઉપર થઈ ગયા છે, છે અને થતા રહેશે...!!!

ગુર્જરગિરાના કેટલાય **રસજ્ઞ** મહારાજાઓ-શ્રેષ્ઠીઓ તથા કવિઓ, લેખકો, સંગીતકારો અને સાહિત્યકારોએ આવા રત્નાકરોની **કલા**ને તેમની **સુયોગ્ય કદર** દ્વારા માણીને આવા રત્નાકરોને યથાશક્ય સત્કાર્યા પણ છે. તેમ છતાં **ભારતીય સંસ્કૃતિના ઊંડા આદર્શો**ને જનસામાન્ય સુધી પહોંચાડી સંસ્કૃતિની ધરોહરને નવપલ્લવિત રાખવા બદલ આવા ઉમદા કલાકારો માટે ગુજરાતના આબાલવૃદ્ધ તમામ નાગરિકો **કાયમ ઋણી** રહેશે. કારણ કે, પશ્ચિમી વાયરાની ઝપટમાં જ્યારે સમગ્ર ભારત વર્ષ ઘેરાયું ત્યારે આપણા લોક સાહિત્યકારો, ભજનીકો, હાસ્ય કલાકારો તેમજ ગાયકોએ પોતાની **'ભગવાન શ્રીહરિ બક્ષ'** કલાને સમાજ વચ્ચે મહામહેનતે પણ **જીવંત** રાખી છે અને ગુજરાતના બહુમોટા સમાજને પશ્ચિમી સંસ્કૃતિની ઝેરી હવા ન ચડી જાય એ માટે તેઓ એક શૂરવીર લડવૈયાની જેમ ઝઝૂમ્યા છે. ગુર્જરધરાના આવા જંબાઝ સપૂતોને બિરદાવવાનો **મહામૂલો અવસર** એટલે **કીર્તન સંગીત - લોકસાહિત્ય - સંતવાણી - હાસ્ય** અને **સામાજિક પ્રતિભા**નો દ્વિતીય 'રત્નાકર સન્માન સમારોહ' આજે પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા બ્રહ્મનિષ્ઠ પૂ. સંતોના સાન્નિધ્યમાં જેમણે આ ધરાને વિધ-વિધ પોતાની કલાથી ઘણું બધું આપ્યું છે એવા **અનેક કલાકારો** તથા **સમાજસેવકો**નું સન્માન કરતા આનંદ લાગણી થઈ રહી છે. આ **સન્માન સમારોહ**ના **માધ્યમ**થી બીજા અનેક લોકોને રાહ મળે જીવન સફળ થાય તેવી ભગવાન શ્રીહરિના શ્રીચરણોમાં **પ્રાર્થના** સહ... **જય શ્રી સ્વામિનારાયણ.......**

### પૂ. કો. શા. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી (ગઢડા)




રત્નાકર એવોર્ડથી સન્માનિત થનારા દરેક કલાકારો અને સમાજસેવકોને આપણે સન્માનિત કરવા એકત્રિત થયા છીએ ત્યારે આ વિચાર **જેમના આશીર્વાદથી પ.પૂ. લાલજી મહારાજશ્રી** અને પૂ. સ.ગુ. નિત્યસ્વરૂપદાસજી આદિક **સંતો**ને મનમાં ઉદ્‌ભવિત થયો છે એવા પ.પૂ. ધ.ધુ. **૧૦૦૮ શ્રી આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના ચરણોમાં **કોટિ કોટિ વંદના.** કદર શું કહેવાય ? એ તો **કદરદાન** હોય એ જ કળી શકે. ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્થાપિત છ ધામના દેવોના શ્રીચરણોમાં **પ્રાર્થના** કરું કે, આ રત્નાકર સન્માન સમારોહથી હજારો લોકોને કંઈને કંઈ **પ્રેરણા** મળે અને ભારતીય સંસ્કૃતિ ઉજાગર થાય તેમજ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દિગંતમાં ડંકા વાગે એ જ **અભ્યર્થના સહ...** જય શ્રી સ્વામિનારાયણ.....



### શ્રી જયેશ સોની (કીર્તન-ગાયક)

તીર્થધામ સરધારમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના **સાન્નિધ્ય**માં અને બ્રહ્મનિષ્ઠ પૂ. સંતો તથા હરિભક્તોની **ઉપસ્થિતિ**માં વિવિધ ક્ષેત્રના સર્વે કલાસાધકોનું જે સન્માન થયું છે તે ખરેખર આ કળાને જીવંત રાખવા માટેનું **અદ્‌ભુત પ્રોત્સાહન** છે. આવા સન્માનો દ્વારા વિશેષ **કલા પ્રતિભાઓ** સમાજને મળતી રહે અને તેના દ્વારા **સુંદર સાહિત્ય** મળતું રહે એવી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ના શ્રીચરણોમાં **પ્રાર્થના...** જય શ્રી સ્વામિનારાયણ.

### શ્રી માયાભાઈ આહીર (લોકસાહિત્યકાર)





તીર્થધામ સરધારને ખાતે **રૂડો અવસર** એટલે રત્નાકર સન્માન સમારોહ. વિવિધ કલાઓના ઉપાસકો અને સમાજશ્રેષ્ઠીઓનું **રત્નાકર એવોર્ડ**થી સન્માન કરવાનું શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા **કાર્ય** થઈ રહ્યું છે તેમાં મારો રાજીપો વ્યક્ત કરું છું. આટલા સંતો-પાર્ષદોની **ઉપસ્થિતિ** અને દરેક ક્ષેત્રના મહાનુભાવોની **હાજરી**માં આટલા બધા કલાકારો **એકસાથે પ્રથમ વખત** મંચ ઉપર ભેગા થયા છે તે બહુ અઘરી વસ્તુ છે. આ ઉજળા સન્માન સમારોહમાં અનેક દિગ્ગજ કલાકારો સાથે મારું પણ રત્નાકર એવોર્ડથી સન્માન કર્યું તે બદલ મારી જાતને હું **ધન્યતા**થી અનુભવું છું. આ મારું પોતાનું સન્માન નથી, પણ મારી **કલાનું સન્માન** છે અને આ **દેશ**ની **સંસ્કૃતિનું સન્માન** છે...જય શ્રી સ્વામિનારાયણ.



### શ્રી ધીરુભાઈ સરવૈયા (હાસ્યમર્મજ્ઞ)

વડતાલ ગાદીપીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના **રૂડા આશીર્વાદ**થી અને પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના **માર્ગદર્શન** પ્રમાણે અંતરના ઉમળકાથી વિવિધ ક્ષેત્રના કલાસાધકોનું **રત્નાકર એવોર્ડ**થી સન્માન કરવામાં આવ્યું છે. આ સન્માન આપણી **સંસ્કૃતિ** છે. જ્યાં સુધી **ધર્માચાર્યો-સંતો-મહંતો દ્વારા** કલા ઉપાસકોનું **સન્માન** કરવામાં આવશે ત્યાં સુધી **લોકસંગીત-લોકસાહિત્ય** અને **હાસ્યરસ** વગેરેની જે કલા છે તે કલા હંમેશા ગૂંજતી રહેશે. આ રત્નાકર સન્માન સમારોહમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ દ્વારા મને **'હાસ્ય રત્નાકર'**થી સન્માનિત કરવામાં આવ્યો એ બદલ પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતોના ચરણોમાં **સાષ્ટાંગ દંડવત** પ્રણામ સહ કોટિ કોટિ વંદન... **જય સ્વામિનારાયણ.**

### શ્રી જય વસાવડા (લેખક-ચિંતક)




આજે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા આ તીર્થધામ સરધારમાં જે સન્માન થાય છે તે મારું (જય વસાવડા)નું લેખનના ક્ષેત્રે તે મારું વ્યક્તિગત સન્માન નથી. જે ગુજરાતી ભાષામાં દસ વર્ષથી લેખન કરું છું, પ્રવચન કરું છું એનું સન્માન છે. આ ગુજરાતી ભાષાએ અનેક રત્ન પોતાના રત્નાકરમાંથી આપ્યા છે. આ સન્માન એ આપણી **સંસ્કૃતિનું સન્માન** છે, એના સર્જનકર્તાનું સન્માન છે. આ રત્નાકર સન્માન સમારોહમાં દિવ્યતા અને ભવ્યતા એમ બંને સંગમ દૃશ્યમાન થાય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે એક **લાંબી યાત્રા** પોતાના **જીવનકાર્ય**માં કરી છે અને એ પોતાના **પરિપાટ** રૂપે આપણા ગુજરાતને હજુ **ફાયદો** થઈ રહ્યો છે. આ સંપ્રદાયની વ્યવસ્થા અને તેની સાથે જોડાયેલા વ્યસનમુક્તિ જેવા **સામાજિક અભિગમો** મને પોતાને પણ ગમતા હોય છે. તો આ સ્વચ્છતા, સજ્જનતા અને સફળતાની સાથે આ ઉડાન **રત્નાકર એવોર્ડ**થી વધુને વધુ ઊડતી રહે. અને માણસનું સન્માન, **કદર** અને **પ્રશંસા** કરવી જ જોઈએ. આ કલા પરંપરાનું સન્માન એ બહુજ આપણી **પ્રાચીન પરંપરા** રહી છે. આ પરંપરા એ યજ્ઞ જેવી પરંપરા છે. આ પરંપરાને આપણે આગળ વધારીએ તો વધારે **આધુનિક ઋષિઓ** આપણે ઉત્પન્ન કરી શકીશું. એટલે આ **રત્નાકર સન્માન સમારોહ** આ દિશામાં **બહુ સુંદર કદમ** છે.

### શ્રી અભેસિંહ રાઠોડ (લોકગાયક-ભજનીક)



સરધારના આંગણે **રત્નાકર સન્માન સમારોહ** એટલે મને લાગે છે કે, અત્યાર સુધી આવો સન્માન સમારોહ **ભાગ્યે જ** જીવનમાં જોવા મળતો હોય છે. આ સમારોહમાં ગુજરાતભરના **તમામ** લોકગાયકો, સાહિત્યકારો, હાસ્યકારો તેમજ સમાજની **વિશિષ્ટ વ્યક્તિઓ**નું જ્યારે આવું **ભવ્ય સન્માન** પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે પૂ. સંતોના **સાન્નિધ્ય**માં અપાય છે ત્યારે એવું લાગે છે કે, આજના યુગમાં સંસ્કૃતિને જીવંત રાખવા માટેનો ધર્માચાર્ય-સંતોનો પણ **ખૂબ મોટો ફાળો** અને એમના **આશીર્વાદ** રહ્યા છે. દરેક કલાસાધકોને સંતો-મહંતોના આશીર્વાદ મળતા હોય અને આ ધરોહરને જીવંત રાખવા માટે સંતો દાખડો કરતા હોય અને આશીર્વાદ પાઠવતા હોય ત્યારે દરેક કલાકારો ખૂબ **હેતભાવ**થી આવે છે. અહીં કોઈપણ કલાકાર કળાનો આંચળો ઓઢીને નથી આવતા પણ ભગવાનના સાન્નિધ્યમાં રહીને પોતાના ગર્વને ઓગાળીને પોતે જે સાધના હસ્તગત કરી છે એ કલાસાધના રજૂ કરીને ધર્માચાર્ય-સંતોનો **રાજીપો** પ્રાપ્ત કરે છે. સંતો દ્વારા જ્યારે આ સંગીતની **રસધાર**ને સમાજની સમક્ષ વહેતી મૂકાય છે ત્યારે લક્ષ્ય ચેનલ દ્વારા દર્શકોને પણ આનો **અનેરો આનંદ** પ્રાપ્ત થતો હોય છે. એ આનંદમાં વધારો થાય

### શ્રી અનુભા ગઢવી (લોકસાહિત્યકાર)



જેના દ્વારા હજારો-કરોડો જીવાત્માઓને **ધર્મના કેડા** મળે છે એવા ધર્મકુળના સાન્નિધ્યમાં રત્નાકર સન્માન સમારોહમાં ભવ્યાતિભવ્ય, તમામ કલાસાધકોનું સ્વાગત-સન્માન પણ ભવ્યાતિભવ્ય અને એમાંય આવા **ઉજળા કામો** કે જેના દ્વારા કલાકારોની **નવી કવિતાઓ** પાકી કરવામાં અને **નવી વાતું** લઈ આવવાના **કોડ** થાય. ભગત બાપુ (દુલાભાયા કાગ) કહેતા કે, દશ હજાર વ્યક્તિ બેઠા હોય તેમાંથી કોઈ ઝેર પીવે તો તે એક જ મરે પણ જો દરેકના કાનમાં ખરાબ શબ્દ પડે તો બધા મરી જાય. તો પછી લાખો કાનમાં સત્સંગના સારા શબ્દ પડે તો **નવજીવન** કેમ ન મળે ?



## શ્રી ઘનશ્યામભાઈ લાખાણી (હાસ્યકલાકાર)

આ દ્વિતીય વર્ષનો રત્નાકર સન્માન સમારોહ ખૂબ ખંતથી ખૂબ આનંદથી અને એમાં વીણી-વીણીને કલાઉપાસકોને ભેગા કર્યા છે. શબ્દોના ઉપાસકો અને સૂરના ઉપાસકોના **'ન ભૂતો ન ભવિષ્યતિ'** ભૂતકાળમાં આવા સન્માન ઓછા થયા છે. પરંતુ આજે પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ. સંતોએ આ કલાકારોને પોતાના ગણીને લોકસાહિત્ય, ભજનો અને હાસ્યની કલા સંસ્કૃતિને ઉજાગર રાખવાનો **અનેરો પ્રયાસ** કર્યો છે. તમામ કલાના ઉપાસકો પોતાના હૃદયના અતિ ભાવથી અહીં આવીને આનંદ કરાવે છે. ઠાકોરજીના શ્રીચરણોમાં **પ્રાર્થના** કરું કે, બધાની કળા, સૂર, શબ્દો અને સંગીત સાથે મળીને આવનારી ભાવિપેઢી માટે કંઈક સારું થાય તેમજ સંપીને સમાજ ઉપયોગી કાર્યો કર્યા કરે.

## શ્રી જીતુદાદ ગઢવી (લોકસાહિત્યકાર)




**'નવરંગ તરંગ ઉમટ રચી મન સાગર નાગર ધૂન મચી, લલકાર કરે લહેરી લહેરી જબ શ્રીજી હરિ ભજ રાધા હરિ.'** સરધારધામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં અને અનેક સંતો-મહંતોની ઉપસ્થિતિમાં આ દિવ્ય રત્નાકર સન્માન સમારોહમાં ગુજરાતના લોકડાયરા અને લોકસાહિત્યના કલાધરોનું સન્માન એક જેનું નામ **રત્નાકર એવોર્ડ** છે. આ દિવ્યતાથી સભર રત્નાકર સન્માન સમારોહમાં આવ્યા પછી એવું લાગે છે કે, આપણે સહુ ભગવાનના સાન્નિધ્યમાં **દિવ્ય વાતાવરણ**માં બેઠા હોઈએ એવું લાગી રહ્યું છે. મને એક વ્યક્તિએ પૂછ્યું હતું કે આ તમારું સાહિત્ય ક્યાં સુધી ટકશે ? ત્યારે મેં કહ્યું હતું કે, જ્યાં સુધી અમારી પાસે આવું સન્માન કરનારા **ધર્માચાર્યો-સંતો-મહંતો** છે ત્યાં સુધી આ સાહિત્ય પરંપરાને ઊની આંચ આવવાની નથી. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાના **આશીર્વાદ પ્રવચન**માં કહ્યું કે, ભારતીય સંસ્કૃતિનું જે **મૂળ સાહિત્ય** છે, જેનાથી ભારત ઓળખાય છે તે સાહિત્યનો **પ્રસાર-પ્રચાર** થવો જોઈએ. પરંતુ હલકુ અને છીછરું સાહિત્ય છે એ સમાજમાં ન જવું જોઈએ. સમાજમાં તો માત્રને માત્ર **ભારતીય પરંપરા** અને ભારતીય **સંસ્કાર**ને **ઉજાગર** કરનાર સાહિત્ય જ પીરસાવું જોઈએ. આવા **વિચારો** અને **આશીર્વાદ** દરેક કલાકારોને મળ્યા છે ત્યારે જીવનમાં ખૂબજ **ધન્યતા** અનુભવીએ છીએ. મારા પિતા **કવિ દાદબાપુ**ની એક **કવિતા** યાદ આવે :- 'સંતુરના તારને તમે તોડી શકો, વાંસળીના સૂરને એમ ના તોડી શકો. કોઈ કમજોરના હાથ બળથી જોડાવી શકો, સિંહના પંજાને એમ ના જોડાવી શકો.'



## શ્રી હરેશદાન ગઢવી (લોકસાહિત્યકાર)

**સાહિત્ય એટલે** જે સમાજનું હિત કરનારા જે કાવ્ય છે, જે વાતો છે, જે ભૂતકાળમાં ઘટેલી ઘટનાઓ છે એમાંથી સમાજને પ્રેરણા મળે છે. તે પછી વાર્તા હોય કે કાવ્ય, ભક્તિની વાત હોય કે શૂરવીરતાની વાત હોય. દરેક ક્ષેત્રમાં જુદા-જુદા કાવ્યો અને જુદા-જુદા કવિઓ અને જુદા-જુદા ચિંતકો, લેખકો દ્વારા સમાજમાં પ્રેરણા મળે તેને આપણે **સાહિત્ય** કહીએ છીએ. સંસ્કૃત સાહિત્યમાં વેદની ઋચાઓ, વાતો છે તે આ **કલાઉપાસકો** પોતાની કલા દ્વારા સમાજમાં પીરસીને **રાજીપો** પ્રાપ્ત કરે છે. અને તેનું સન્માન પ.પૂ. લાલજી મહારાજશ્રી અને સંતો દ્વારા થાય ત્યારે ખૂબજ **આનંદ** થાય છે. આ કલાકારોનું સન્માન થવું તે પણ **સાહિત્ય**ની એક **સેવા** જ છે. કારણ કે, આવા સન્માનથી જે કલાસાધકો છે તેની **સાચી કદર** કરી ગણાશે.




### શ્રી જીતુભાઈ દ્વારકાવાળા (હાસ્યકલાકાર)

સરધારધામને આંગણે આજે રૂડા અવસર, જે અવસરની આખા વર્ષથી રાહ જોઈને બેઠા હતા તેવો **મંગળમય અવસર** એટલે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા આયોજીત રત્નાકર સન્માન સમારોહ. વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીસ્થાન **પ.પૂ. આચાર્ય મહારાજશ્રી દ્વારા** કલાઉપાસકોનું **ભવ્ય સન્માન** કરવામાં આવ્યું છે.

કથાકાર, **કલાકાર**, **સંગીતકાર**, ચિત્રકાર, મોટરકાર, પત્રકાર, નૃત્યકાર, **હાસ્યકાર**, **વાર્તાકાર**, **ગીતકાર**, જ્યોતિષકાર, સત્કાર, **સાહિત્યકાર**, કીર્તનકાર અને બેકાર...!! જેની પાસે પાછળ 'કાર' શબ્દ આવે છે તેમાંથી ગોતી-ગોતીને દરેક **કલાકારો**નું સન્માન કરવામાં આવ્યું તેથી હું બહુ રાજી થયો છું. ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રીચરણોમાં **પ્રાર્થના** કરીએ કે, જ્યાં સુધી સૂર્ય-ચંદ્ર તપતા રહે ત્યાં સુધી આવી રીતે દરેક કલાકારોનું આ રીતે **રત્નાકર એવોર્ડ**થી સન્માન થતાં રહે. આ એવોર્ડથી સાથે-સાથે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયે એવી **સેવાકીય પ્રવૃત્તિઓ** કરી રહ્યો છે તે **જીવનજરૂરી** છે. એ પછી વ્યસનમુક્તિ હોય, ભૂકંપપીડિત રાહત સેવા હોય, મેડીકલ કેમ્પ હોય. આવી સેવાથી સંપ્રદાયને **વારંવાર વંદન** કરવાનું મન થાય છે.

### શ્રી ખીમજીભાઈ ભરવાડ (સંતવાણી-ભજનીક)

સરધાર શ્રી સ્વામિનારાયણ મંદિરના પટાંગણમાં **રત્નકલાકારોનું સન્માન** કર્યું તે **સમગ્ર ગુજરાતનું સન્માન** છે. ગુજરાતના વિવિધ ક્ષેત્રના કલાકારોનું સન્માન પ.પૂ. લાલજી મહારાજશ્રી અને બ્રહ્મનિષ્ઠ સંતોના સાન્નિધ્યમાં થયું છે ત્યારે હું ખીમજી ભરવાડ મારી આ છેલ્લી જિંદગીમાં મારું જે સન્માન થયું છે તે એ મારું પહેલું સન્માન છે. આવા સન્માનથી એટલો બધો રાજી થયો છું કે જે શબ્દોથી વર્ણન અશક્ય છે. આ સન્માનને હું મારી જિંદગીમાંથી ક્યારેય નહિ વિસરી શકું. આ સંપ્રદાય એ એક **આધ્યાત્મિકતા**નો સંપ્રદાય છે. તેમ છતાં દરેક કલાઉપાસકોને બોલાવી **ભવ્ય સન્માન** કરે છે તે જ આ સંપ્રદાયની **વિશેષતા** છે.






### શ્રી ઓસમાણ મીર (સંતવાણી-ભજનીક)

તીર્થધામ સરધારમાં આ રત્નાકર સન્માન સમારોહમાં કલાકારો, સાહિત્યકારો, સૂરના સાધકો, શબ્દના ઉપાસકોનું જે સન્માન થયું છે અને તે સન્માનનો હું **પ્રત્યક્ષદર્શી** બન્યો અને આ સન્માનમાં મને પણ લાભ મળ્યો છે ત્યારે હું અત્યંત **પ્રસન્નતા** અનુભવું છું. શ્રી સ્વામિનારાયણ ભગવાને એમના સમયમાં આપણા કલાકારો, સાહિત્યકારોનું સન્માન કરેલું છે એવી જ રીતે આજના યુગમાં પણ પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ. સંતો દ્વારા **કલાસાધકોનું સન્માન** થાય છે તે **ખૂબ-ખૂબ બિરદાવવા યોગ્ય** છે. આજના આ સમારોહમાં ભાગ લઈને હું પણ બહુજ **બડભાગી** થયો છું. **ખૂબખૂબ ધન્યવાદ**... જય સ્વામિનારાયણ.




### શ્રી કીર્તિદાન ગઢવી (સંતવાણી-ભજનીક)

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા લોકસંગીત, લોકસાહિત્ય અને સંતવાણી ક્ષેત્રેના જે જે કલાકારોએ પોતાનું યોગદાન આપ્યું છે, કલા પીરસી છે અને જે પીરસી રહ્યા છે અને ભવિષ્યમાં પણ પીરસતા રહેવાના છે એવા ગુજરાતના દિગ્ગજ કલાકારોનું સન્માન જે સમાજે કરવાનું હોય એ જ સન્માન **સંપ્રદાયના ભાવિઆચાર્ય** પ.પૂ. **લાલજી મહારાજશ્રી**ના કરકમળો દ્વારા પૂ. સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં થઈ રહ્યું છે તે **ઉત્કૃષ્ટ કાર્ય** છે. આ સન્માન સમારોહ કાર્યમાં હું સંતવાણી-ભજનીકના ઉપાસક તરીકે મારો અંતરનો **ખૂબજ રાજીપો** વ્યક્ત કરું છું... જય સ્વામિનારાયણ.

### શ્રી મેરાણ ગઢવી (લોકસાહિત્યકાર)

તીર્થધામ સરધારમાં **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની **પરંપરા**ને વહન કરતા **પ.પૂ. ભાવિઆચાર્ય લાલજી મહારાજશ્રી**ના અનુગ્રહથી અને તેઓના વરદ્ હસ્તે લોકસાહિત્ય, હાસ્ય, સંગીત અને સમાજ શ્રેષ્ઠીઓનું જ્યારે સન્માનનું કાર્ય થઈ રહ્યું છે ત્યારે હું હંમેશા કહું છું તેમ કે સન્માન બે સ્થાન આપી શકે છે. કાં તો **રાજની ગાદી** અને કાં તો **ધર્મની ગાદી.** આ સન્માન છે એ ધર્મની ગાદી દ્વારા સન્માન છે. રાજગાદી દ્વારા થયેલું માણસનું સન્માન **પદ** આપી શકે, પરંતુ ધર્મની ગાદી દ્વારા સન્માન મળે છે તે તો **ભગવાનનું શરણ** આપે છે. બીજાને શરણ આપતા બની જાવ એજ પરમાત્માના શરણાગતની **મહાનતા** છે... જય સ્વામિનારાયણ.






### શ્રી સુખદેવ ધામેલીયા (હાસ્યકલાકાર)

સરધારધામને આંગણે ઉજવાતો આ દ્વિતીય રત્નાકર સન્માન સમારોહમાં આપણી **લોક સંસ્કૃતિ**ને વિશ્વના નકશા સુધી પહોંચાડનાર **કલાકારોનું સન્માન** થઈ રહ્યું છે. આ **સમારોહ**માં મને પણ **ભાગીદાર** બનવાનું સૌભાગ્ય સાંપડ્યું છે તેથી હું મારા જીવનની **ધન્યતા** અનુભવું છું. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી આ **અતિ ઉત્તમ પ્રયાસ** થઈ રહ્યો છે... જય સ્વામિનારાયણ.

### શ્રી મનસુખભાઈ વસોયા (હાસ્યકલાકાર)

તીર્થધામ સરધારમાં સાહિત્ય-સંગીત અને કલા પોષક સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે જે **ભારતીય સંસ્કૃતિ**ને જાળવવા માટે અનેક રત્નાકરોને ખૂબ માન-સન્માન સાથે અનેકવાર બિરદાવ્યા છે . આજે આ રત્નાકર સન્માન સમારોહમાં એ જ **પરંપરા**ની જાળવણી પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદથી પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** દ્વારા થઈ રહી છે. આજે આ સન્માન સમારોહમાં પૂ. લાલજી મહારાજશ્રી તથા સંતો-મહંતોના દર્શન અને કલાકાર મિત્રોના મિલનથી હૃદયમાં **ખૂબજ ધન્યતા** અનુભવું છું. આ સંપ્રદાય દ્વારા ભારતની સાહિત્ય સંસ્કૃતિના કલ્યાણ માટે આવાને આવા વધુને વધુ પ્રયાસો થતાં રહે એજ **પ્રાર્થના સહ**... જય શ્રી સ્વામિનારાયણ.







### ➠ શ્રી રાવતબાપુ ભગત (કવિ-સાહિત્યકાર)

**રત્નાકર સમારોહ એટલે** આ સંસારસાગરમાં જેટલા **શ્રેષ્ઠ રત્નો** છે એને વીણી-વીણીને ભેગા કરી એમનું જે **સન્માન.** શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં આ સંતોએ જે **દાખડો** કરીને આવો **ભવ્ય કાર્યક્રમ** ગોઠવ્યો છે અને તેમાં મારું સન્માન થયું છે તેથી ખૂબજ આનંદ છે. આવા સન્માનો હંમેશા થયા કરે એમાં અમારી જેવા આવી ડૂબકી મારી પવિત્ર થયા કરે અને તે માટે **બળ** આપે તેવી ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રીચરણોમાં **પ્રાર્થના સહ...** જય સ્વામિનારાયણ.

### ➠ શ્રી ભાવપ્રકાશ ગાંધી (સંસ્કૃત વિદ્વાન)



શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારને આંગણે આજના રત્નાકર સન્માન સમારોહ આયોજન થયું છે. સંસ્કૃતમાં એક સૂક્તિ છે - 'साहित्यसंगीतकलाविहीनः साक्षात्पशु पुच्छविषाणहीनः ।' - જે મનુષ્યમાં સાહિત્ય-સંગીત અને કલા આ ત્રણ વસ્તુ નથી તો એ પશુની જેવો માનવામાં આવ્યો છે. આજે રત્નાકર સન્માન સમારોહમાં આ ત્રણેય વસ્તુની સાથે-સાથે સમાજ ઉદ્યોગના, ચિકિત્સાના, સંસ્કૃત અને સંસ્કૃતિના **શ્રેષ્ઠ વ્યક્તિઓ** છે તેઓનું **સન્માન** કરવામાં આવ્યું છે એ ખૂબ **પ્રશંસનીય કાર્ય** કહેવાય. આવો કાર્યક્રમ મારા જીવનમાં પહેલી વખત મને જોવા મળ્યો છે. અને અહીંના હરિભક્તોની અહીંના સંતોની તથા લોકોની શ્રદ્ધા અને ભક્તિ જોવા મળી છે તે ખૂબજ પ્રશંસનીય છે. હું આ કાર્યક્રમ માટે આ આયોજકોને ખૂબ-ખૂબ **અભિનંદન** પાઠવું છું. એમણે મને અભિનંદન પત્ર આપીને સન્માનિત કર્યો એ બદલ પણ એમનો **ખૂબ-ખૂબ આભાર** માનું છું. લોકડાયરાના માધ્યમથી સરળભાષામાં ગંભીર વાતો દ્વારા લોકોને બોધ મળે એવી વાતો અહીં કરવામાં આવી રહી છે એ ખૂબ સારી બાબત છે. **ધન્યવાદ...** જય સ્વામિનારાયણ.



### ➠ શ્રી દશરથ યાદવ (સંસ્કૃત વિદ્વાન)

આજના દિવસે તીર્થધામ સરધાર ખાતે આયોજીત રત્નાકર સન્માન સમારોહમાં ગુજરાતની **ગૌરવવંતી વસુંધરા**ના લોકગાયકો, સાહિત્યકારો, હાસ્યકારો તેમજ સમાજના શ્રેષ્ઠ વ્યક્તિઓનું શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા રત્નાકર એવોર્ડથી સન્માન કર્યું છે તે **ખૂબજ આનંદની વાત** છે. એમાં મારું પણ સન્માન કર્યું છે તે બદલ અંતઃકરણપૂર્વક **હર્ષની લાગણી** અનુભવું છું. આવાને આવા કાર્યો આ સંપ્રદાય દ્વારા થતાં રહે એજ પ્રભુચરણોમાં **પ્રાર્થના...** જય સ્વામિનારાયણ.

### ➠ શ્રી ફતેસિંહ બાપુ (ચિત્રકાર)



પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ. સદ્‌ગુરુ શ્રી નિત્યસ્વરૂપદાસજી સ્વામી આદિક સંતો દ્વારા **'ચિત્રકલા રત્નાકર'** એવોર્ડથી મારી જેવા **દાસસેવક** ઉપર **કરુણા** કરી બહુમાન કર્યું છે તે બદલ તેઓના ચરણોમાં કોટિ કોટિ વંદન. આ સંપ્રદાયમાં વર્ષોથી રહેવાનો મને અવસર મળ્યો છે. તેમાં મોટી વાત એ છે કે, ધર્મકુળ અને પૂ. સંતોની અપાર કરુણા મારા ઉપર વરસતી રહી છે. આ સંતોએ મને અનેક કાર્યો માટે **પ્રેરિત** કર્યો છે, પણ ઘણીવખત હું એ કાર્યો નથી કર્યો શક્યો તેમ છતાં આજે રત્નાકર પુરસ્કારથી મારું સન્માન કર્યું છે તે

તેઓની અપાર કરુણા જ છે. આ રત્નાકર એવોર્ડથી મારી **ચિત્રકલા સર્જન**માં વધુને વધુ **ઉપયોગી** થવાનું **બળ** પ્રાપ્ત થાય તેવી શ્રીજીમહારાજના શ્રીચરણોમાં **પ્રાર્થના** સહ... જય શ્રી સ્વામિનારાયણ.




### શ્રી મનોજ-વિમલ (સંગીતકાર)

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા ગુજરાતની **ગૌરવવંતી પ્રતિભાઓ**નો સન્માન સમારોહ. બહુજ સરસ અને લાગણીસભર આ આજનો કાર્યક્રમ આજે અહીં આવવાથી અમને મળ્યો છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયે **અતિ મોટું બીડું** ઝડપ્યું છે કે ગુજરાતની બધી જ નામાંકિત વ્યક્તિઓને બોલાવી તેઓનું સન્માન કરીને તેઓને ખૂબજ પ્રોત્સાહન આપવું. અમો માનીએ છીએ કે, શ્રેષ્ઠતમ પ્રતિભાઓનો રત્નાકર સન્માન સમારોહ કરીને જે **પ્રોત્સાહન** આપ્યું છે એ તો ગુજરાત રાજ્ય પૂરતું તો ઠીક છે પણ **સમગ્ર ભારત**માં **આવો પ્રથમ સન્માન સમારોહ** હશે કે જેમાં દરેક પ્રતિભાઓને સન્માનવામાં આવી છે. પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા આ **રત્નાકર એવોર્ડ** એટલે સમાજની દરેક ખૂણાની વ્યક્તિ કે **જેમાં રત્ન પડેલું છે એને** સંપ્રદાય દ્વારા સન્માનનિત કરીને આપણી **ગરવી ગુજરાત અને ભારતની સાહિત્ય પરંપરાને જીવંત રાખવાનું અનેરું કાર્ય.** આ પ્રસંગે અમને તો એટલું જ **ફિલ** થાય છે કે આ બધું આયોજન કરીને સંપ્રદાયને ખૂદે જ ભીડો જ વેઠવાનો છે. એમને તો લાખો રૂપિયાનો ખર્ચો કરી છતાં પણ આ સન્માન સમારોહમાં અમારા જેવા અનેક કલાકારોને આમંત્રણ કરી સન્માન કરી સંસ્કૃતિને **ઉજાગર** કરવાનું **કાર્ય** કર્યું છે એના માટે અમે **નતમસ્તકે વંદન** કરીએ છીએ... જય સ્વામિનારાયણ.

### શ્રી કેતન કાનપરીયા (કવિ)



ભારતીય સંસ્કૃતિના **આરાધકો**ને આ રીતે **પોખવાનો - જાણવાનો - માણવાનો** અને સમગ્ર **વ્યક્તિત્વ**ને **પામવાનો અવસર** શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા **પ.પૂ. લાલજી મહારાજશ્રી** અને **પૂ. સંતો** દ્વારા થઈ રહ્યો છે તે **ખૂબજ આનંદની વાત** છે. ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતો આ રત્નાકર સન્માન સમારોહ આપણી વચ્ચે મૂક્યો છે તે બદલ **કોટિ કોટિ વંદન.** આ જ રીતે ભવિષ્યમાં લોકસંગીત, લોકસાહિત્ય અને લોકહાસ્ય સમાજની વચ્ચે આવી રીતે વારંવાર રજૂ થતા રહે તેવી પ્રભુચરણોમાં **પ્રાર્થના.** વિશેષમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા મારી કાવ્ય પ્રતિભાને પોખવામાં આવી છે તે મારા જીવનની એક **અદ્‌ભુત ક્ષણ** ગણું છું... **જય સ્વામિનારાયણ.**



### શ્રી ગુણવંત કાનજી ભુટ્ટા બારોટ (વાર્તાકાર)

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા આયોજીત આ રત્નાકર સન્માન સમારોહમાં સંતવાણી, લોકસાહિત્ય અને હાસ્ય - **ત્રિવેણીસંગમ**માં જ્યારે પ.પૂ. લાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં કલાકારોને **એવોર્ડ પ્રદાન** કર્યા છે ત્યારે મને એવું લાગે છે કે, આ સંસ્કૃતિ કાયમ **જીવંત** રહેશે. જય સ્વામિનારાયણ.

## પૂ. સદ્‌ગુરુ સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે ગવાયેલ

# શ્રીમદ્ સત્સંગિજીવન કથા અમૃતકણિકા

:: સંકલન ::

સાધુ અમૃતસ્વરૂપદાસજી

ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



ગતાંકથી આગળ...

➠ ક્યારેક ભગવાન રાજી થાય, કોઈ મહાપુરુષો રાજી થાય ને માંગો તો બસ **ભગવાનની પ્રાપ્તિ** થાય તેવું જ માંગજો. જગતના પદાર્થને માંગશો નહિ. અને જો જગતના કોઈ પદાર્થને માંગશો તો માંગીને પસ્તાવું પડશે. કારણ કે, આ જગતના ગમે તેટલા પદાર્થ પ્રાપ્ત થશે તોપણ એ તમામ નાશવંત છે. આ શરીર જ જ્યાં નાશવંત હોય ત્યાં પદાર્થ ક્યાંથી રહેવાના હતા!

➠ અપર માના કઠોર શબ્દોથી સ્વમાન ઘવાતાં ધ્રુવે **દૃઢ નિર્ધાર** કર્યો કે, વનમાં જઈ તપ કરી, પ્રભુને પામવાની કોશિશ કરીશ. જો પરમાત્મા નહીં મળે તો બળપૂર્વક પ્રાણ તજી દઈશ. તેઓ વનમાં જતા હતા ત્યારે રસ્તામાં **દેવર્ષિ નારદ** મળ્યા. ધ્રુવની બધી વાત શાંતિથી સાંભળ્યા પછી નારદમુનિએ કહ્યું : 'બળ કીધે હરિ નહીં મળે, તમે માનોને મારા તન; જન્મ થકી જોગી દેહ દમે, તેને સ્વપ્ને નહીં દર્શન; દર્શન તમને કેમ આપશે, વન જઈને વિમાસણ થાશે...'

દેવર્ષિ નારદજીની વાત સાંભળી તોપણ ધ્રુવજી પોતાના નિર્ણયમાં **અટલ** હતા. તેઓ વનમાં ગયા. તીવ્ર ઝંખના સાથે અત્યંત **કઠોર તપ** કર્યું. છેવટે પરમાત્માએ પ્રસન્ન થઈને તેમને દર્શન આપ્યાં. પછી પ્રભુએ તેને વરદાન માંગવાનું કહ્યું. ત્યારે ધ્રુવજીએ પણ આ લોકના **નાશવંત પદાર્થની માંગણી** કરી. રાજ-વૈભવની માંગણી કરી. પ્રભુએ ચેતવ્યા તોપણ **અપમાનનો બદલો** લેવાની ભાવનાને લીધે રાજ્યની જ માંગણી કરી.

જ્યાં સુધી જીવનમાં રાગ-દ્વેષ-ઈર્ષ્યા રહેશે, કોઈની સાથે વૈર-વૃત્તિ રહેશે ત્યાં સુધી મોક્ષના માર્ગમાં **થાપ** ખાતા રહેવાના! જેને ભગવાનનું ભજન કરવું હોય તેમણે દુનિયામાં સર્વની સાથે **મૈત્રીભાવ** કેળવવો પડશે.

➠ ભગવાન શ્રી સ્વામિનારાયણની ફક્ત **વિચારધારા** ઉપર **દૃષ્ટિ** નાખશો તો ખ્યાલ આવશે કે, શ્રીજીમહારાજે ફક્ત પરલોકના સુખની જ વાતો નથી કરી, પણ આ લોકના સુખની પણ વાતો કરી છે. કારણ કે, જેનો આ લોક ન સુધર્યો તેનો પરલોક સુધરવો બહુ કઠીન હોય છે. ભગવાન શ્રીહરિ પોતાની વિચારધારાથી એમ કહેવા માંગે છે કે, અમારો આશ્રિત આ લોકમાં પણ વ્યવહારે કરીને સુખીયો હોવો જોઈએ. શિક્ષાપત્રીનો પાઠ કરશો તો ખ્યાલ આવશે કે, શ્રીજીમહારાજે મોક્ષપદના જેટલા શ્લોક લખ્યા તેના કરતાંય વધારે **આ લોકમાં પણ સુખી કેમ થવાય** તેવા શ્લોક લખ્યા છે. નાનીમાં નાની વાતનું **અનુસંધાન** રાખીને એકથી એક ચડીયાતી આજ્ઞાઓ કરી છે. એ આજ્ઞાઓ **નજરસમક્ષ** રાખીને જો પાલન કરવામાં આવે તો આ લોકમાં કોઈપણ જીવાત્મા ક્યારેય દુઃખી નહિ થાય. માટે ભગવાન શ્રીહરિએ **આ લોક અને પરલોક - બંનેના અદ્‌ભુત ને અજોડ વિચારો** આપ્યા છે.

➠ જેને **પરોપકાર** કરવો છે, જેને સારું કાર્ય કરવું છે - એ વ્યક્તિ તો ગમે ત્યાંથી સારું કાર્ય કરી શકે. તમે એવું નહિ માનતા કે, ધન આદિક પ્રાપ્ત થાય પછી જ સારું કામ થઈ શકે!

ભુજમાં ભૂકંપ થયો ત્યારે અમો ત્યાં ગયા હતા. ત્યારે હરિભક્તોએ એક **બહુ સુંદર વાત** કરી હતી. એક માણસને ગાંઠીયાની લારી હતી. સામાન્ય માણસ હતો પણ તેની માનવતા, સજ્જનતા દાદ માગી લે તેવી હતી. જ્યારે ભૂકંપ થયો ત્યારે પોતાની ગાંઠીયાની લારી ચાલુ રાખી. ગામમાં ૩૦ રૂપિયે કિલો ગાંઠીયા મળતા હતા. પણ આ માણસે ૧૫ રૂપિયે કિલો ગાંઠીયા કરી નાંખ્યા. પોતાના ઘરના રૂપિયા દ્વારા આ સામાન્ય માણસે અમીરોને પણ શરમાવે તેવી સેવા કરી હતી. લોકોને ખાવાનું નહોતું મળતું ત્યારે પોતે ગાંઠીયા વણી વણીને ૩૦ને બદલે ૧૫ રૂપિયે કિલોએ કંઈક લોકોને જમાડ્યા હતા. ઘણાના પ્રાણ પણ બચાવ્યા હતા.



**ધર્મકુળ એ પવિત્ર બ્રાહ્મણ** છે, ભગવાનના **વંશજ** છે, ભગવાનના **એકાંતિક ભક્ત** છે. કારણ કે ભક્તપણું કેવળ માળા ફેરવવાથી સાબિત નથી થતું જેટલું નિષ્ઠાની મજબુતાઈથી થાય છે. અને એવી નિષ્ઠા ધર્મકુળ પરિવાર, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના જીવનમાં જોવા મળે છે.

➠ આપણે તો આપણા મોક્ષની વાત પૂરી કરવા માટે જન્મ્યા છીએ. આ વાતને ભગવાનના ભક્તોએ ભૂલવી ન જોઈએ. આપણો **મુખ્ય લક્ષ્ય** મુક્તિ કરવી, મોક્ષ કરવો એ છે. ભગવાન શ્રીહરિને પામી જવું છે એ **મુખ્ય ધ્યેય** છે. બાકી બધુ તો વચ્ચે વચ્ચે થતું જાય.

તમો શહેરમાં સોનુ ખરીદવા જાવ અને રસ્તામાં તમને મૂળા સુંદર દેખાય તો ખરીદતા આવો એ સહજ છે, પણ તમારો મુખ્ય હેતુ કાંઈ મૂળા ખરીદવાનો નહોતો ત્યાં તો ૧૦ તોલાનો દાગીનો લેવા માટે ગયા હતા. એમ આપણો મુખ્ય હેતુ મોક્ષ છે, મુક્તિ છે. જીવનમાં વચ્ચે વચ્ચે વ્યવહારના કાર્યો કરવા પડે એ તો બધા મૂળાના સ્થાને છે.

જો જો ધ્યાન રાખજો ! ગયા છો સોનુ ખરીદવા અને મૂળા સારા ભાળીને સોનાને પડતું મૂકીને મૂળા ખરીદીને પાછા ન આવી જતા. આ વાતને ખાસ સમજી રાખજો.

➠ ભગવાન **શ્રીહરિ** કહે છે : ‘‘બ્રાહ્મણો જેની પ્રશંસા કરે છે તે પુરુષ વૃદ્ધિ પામે છે. બ્રાહ્મણો જેની નિંદા કરે છે તે ક્ષણ માત્રમાં પરાભવ પામે. દ્વિજાતિની નિંદા કોઈ પણ પ્રકારે સાંભળવી નહિ. નીચું મુખ રાખી મૌન બેસવું અથવા ઊભા થઈ ચાલી નીકળવું. જે પુરુષ વિપ્રોની સાથે દ્વેષનું આચરણ કરી સુખપૂર્વક જીવી શકે તેવો પુરુષ આ પૃથ્વીમાં કોઈ પણ ઉત્પન્ન થયો નથી અને થશે પણ નહિ. બ્રાહ્મણ, બ્રાહ્મણના ગૃહમાં જન્મ થવા માત્રથી જ મહાભાગ (ભાગ્યશાળી પણે પ્રસિદ્ધ) થાય છે. સમગ્રજનોને **નમસ્કાર કરવા યોગ્ય** થાય છે. રાંધેલા અન્નનો **અગ્રભોક્તા** અર્થાત્ પ્રથમ જમાડવા યોગ્ય અતિથિ થાય છે. બ્રાહ્મણના વિરોધથી (રાજાઓએ પણ) વસુંધરા શાસન કરવી શક્ય નથી. મહાનુભાવ **બ્રાહ્મણો** દેવોના પણ દેવતા છે. અર્થાત્ દેવોએ પણ દેવવત્ **પરમ પૂજ્ય** છે. બ્રાહ્મણને જે નારાજ કરે છે એનો તો મોક્ષ બગડી જાય છે પણ એની સાત-સાત પેઢીનો મોક્ષ બગડી જાય છે.’’

માટે **ધર્મકુળ** એ **પવિત્ર બ્રાહ્મણ** છે, ભગવાનના **વંશજ** છે, ભગવાનના **એકાંતિક ભક્ત** છે. કારણ કે ભક્તપણું કેવળ માળા ફેરવવાથી સાબિત નથી થતું જેટલું નિષ્ઠાની મજબુતાઈથી થાય છે. અને એવી નિષ્ઠા ધર્મકુળ પરિવાર, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના જીવનમાં જોવા મળે છે. કેવા કેવા દેશકાળમાંથી પસાર થયા તોપણ **એકજ વાત** હોય છે કે, ‘મારા શ્રીહરિકૃષ્ણ મહારાજ જે કરતા હશે એ બરાબર જ કરતા હશે !!’ એક જ વાત ! એ વિના બીજી વાત જોવા ન મળે. માટે કહું છું **એકાંતિક** પણ છે.

અને **ગરીબ** પણ છે. ભગવાન શ્રીહરિ અમદાવાદ પ્રકરણના ૩જા વચનામૃતમાં કહે છે : ‘‘અમારું ધર્મકુળ ભોળું છે.’’ ભોળાનો અર્થ ગરીબ. અને ચોથું, ભગવાન શ્રીહરિ કહે છે કે, અમારું **અપર સ્વરૂપ** છે. અપર એટલે બીજું સ્વરૂપ છે. એ ચારેય ગુણ એમાં આવ્યા છે. માટે એમાં મહેરબાની કરીને કોઈ દિવસ એમાં હાથ નહિ નાખશો. થાય એટલી એમની સેવા કરવી પણ અસેવા તો કરશો જ નહિ. અને અસેવા કરતા હોય, એની સાથે ભળતા પણ નહિ. જો એમની સાથે ભળશો તોપણ મોક્ષમાં ખામી રહી જશે.

➠ મોટપ પ્રાપ્ત થયા પછી હૃદયમાં ભગવાનની ભક્તિ રહેવી બહુ મહત્ત્વની છે. નહિતર જગતની મોટપ તો ભક્તિને ખાય જાય છે અને હૃદયને અહંકારથી ભરી દે છે. માટે ભગવાનના ભક્તને ગમે તેટલી મોટપ પ્રાપ્ત થયા પછી પણ ભગવાનમાં પ્રીતિ બની રહે એવો જ સતત પ્રયાસ કરો.

➠ ભગવાનના સંતો-ભક્તોની પ્રત્યે જેને દિવ્યભાવ ન હોય તો શ્રીજીમહારાજને એ ભક્ત જરાય ગમતો નથી. કદાચ પાંચસો માળા ફેરવતો હોય પણ ભગવાનના પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને ભગવાનના સંતો-ભક્તોનો જેને મહિમા ન હોય એ ભગવાન શ્રીહરિને ગમતો નથી.

‘શ્રીહરિચરિત્રામૃતસાગર’ ગ્રંથમાં **શ્રીજીમહારાજ** કહે છે :

- ભગવાનને ભજતા સર્વે હરિજનો **દિવ્ય** છે. આ મર્મની વાત જે કોઈ સમજે, ધારે ને વિચારે છે તે મગ્ન થઈ જાય છે ને જગ જીતી જાય છે. આઠો પહર આનંદ એનો ટળતો નથી.

(૯/૪)

- જેની જીભ પર પરબ્રહ્મ પુરુષોત્તમના ગુણોનું વર્ણન હોય અને **મનુષ્યભાવ અને દિવ્યભાવ** બંનેમાં **એકમતિ** રહેતી હોય, તેના નામ ગ્રંથોમાં લખાયા છે. જો ક્યારેય મનુષ્યભાવ દેખી અભાવ ન આવે તો તેનો મોક્ષ નક્કી છે, તેમાં સંદેહ નથી. (૧૩/૩૯)

- જ્યાં સુધી મનુષ્યભાવ નથી આવતો, ત્યાં સુધી સૌ પ્રત્યે સૌને **પરમભાવ** વર્તે છે. આ પરમભાવ છે તે મોક્ષનું દ્વાર ખોલી આપે છે. મનુષ્યભાવ આવ્યો તો જાણવું કે **મોક્ષદ્વાર** બંધ થયું ને અજ્ઞાનરૂપ અંધકારનું દ્વાર ખૂલ્યું. માટે ભક્તોએ પરસ્પર સુહૃદભાવ રાખવો. એક ભક્ત બીજા ભક્ત પ્રત્યે જેટલો સુહૃદ થયો તેટલો તે અમારો પ્રાણ થયો. સુહૃદપણું એ અમારો પ્રાણ છે. અમે પરસ્પર અરુચિ, દંભ રહે તેને શત્રુ માનીએ છીએ. જે સર્વોપરી હરિભક્ત છે તેની આ **સુરીત** છે તે કહી. ભગવાન ને ભગવાનના સંતો-ભક્તોમાં **અધિક ભાવ** રાખવો. (૧૪/૩૧)

- જ્યાં સુધી પ્રાકૃતમતિ હોય ત્યાં સુધી લેશ પણ સત્સંગ કર્યો નથી. પ્રાકૃતમતિ હોય તેને પ્રાકૃત ભોગ મળે છે. પ્રાકૃત સમજણવાળા સંત-હરિભક્તોની વાતમાં પણ પ્રાકૃત સમજણ દેખાય છે. દિવ્ય સમજણવાળા સંતો-ભક્તો સત્સંગને દિવ્ય માને છે. ભગવાનમાં દિવ્યભાવ-મનુષ્યભાવ એક કરી જાણે છે. તેને દિવ્ય જાણવા. (૧૫/૨૫)

- સત્સંગમાં જેટલો દિવ્યભાવ તેટલો તેનો નિષ્કપટ સત્સંગ જાણવો. અલૌકિક ભાવ લાવીને સત્સંગ નથી કરતો, તેટલો કુસંગ છે. (૧૮/૮૩)

- સંત-હરિભક્તને દિવ્ય દેખે પણ મનુષ્યભાવ ન દેખે એવા હરિજન વિરલ હોય છે. એનો સંગ કરવો. મનુષ્યભાવ રહે તેટલું વિઘ્ન છે. મનુષ્યભાવ આવે પછી દ્રોહ થાય ને સત્સંગથી દૂર થઈ જાય. પરસ્પર મન મળેલા રહે તે પડે નહિ. (૧૯/૧૨)

ભગવાન, ભગવાનના સ્થાપિત પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને ભગવાનના સંતો-ભક્તોમાં નિર્દોષભાવ અને દિવ્યભાવ રાખવાની મહત્તા અને આવશ્યકતા સમજીને જો એની દૃઢતા કરવામાં નહિ આવે તો - ભગવાન કે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને ભગવાનના સંતો-ભક્તોનો રાજીપો પ્રાપ્ત નહિ થાય, ભગવાનની આજ્ઞા યથાર્થ નહિ પાળી શકાય, વ્યક્તિ પોતાના કોઈપણ પ્રશ્નનું કાયમી કે શાશ્વત સમાધાન નહિ થાય, સ્વભાવ, વાસના, દેહભાવ નહિ ટળે, ઉદ્વેગ-અશાંતિ-મનદુઃખ-ફરિયાદ કે ધોખો નહિ મટે, સાચા અર્થમાં સુખ કે શાંતિનો અનુભવ નહિ થાય, કૃતાર્થતા કે પૂર્ણતા નહિ મનાય, માયા પર નહિ થવાય, અંતઃકરણ શત્રુઓ નહિ ટળે, આત્યંતિક કલ્યાણ નહિ થાય અને છેલ્લો જન્મ નહિ થાય ને અક્ષરધામમાં નહિ જવાય. માટે **દિવ્યભાવની સમજણ** દૃઢ થાય તેના **ઉપાય**માં રહેવું જોઈએ.



જો ભગવાન, ભગવાનના પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને તેમને વ્હાલા એવા સંતો-ભક્તોમાં **મનુષ્યભાવ** આવે તો ગમે ત્યારે **વિઘ્ન** આવે, તેથી એમનાથી વિમુખ થવું પડે છે. **દિવ્યભાવ એ રસાયણ છે,** અમૃત **સંજીવની** છે, ઔષધી છે, જેનાથી જન્મમરણના રોગમાત્ર ટળી જાય છે.

સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** પોતાની વાતોમાં કહે છે :

- દિવ્યભાવ મનુષ્યભાવ એક સમજે તેને ક્યું સાધન કરવાનું બાકી છે ? કાંઈ પણ નથી. (૧/૨૧૪)

-દિવ્યભાવ મનુષ્યભાવ એક સમજવો એટલે થઈ રહ્યું. બીજું તો એની પછવાડે આફુડું સમજાશે. (૫/૨૫૬)

જો ભગવાન, ભગવાનના પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને તેમને વ્હાલા એવા સંતો-ભક્તોમાં **મનુષ્યભાવ** આવે તો ગમે ત્યારે **વિઘ્ન** આવે, તેથી એમનાથી વિમુખ થવું પડે છે. **દિવ્યભાવ એ રસાયણ છે,** અમૃત **સંજીવની** છે, ઔષધી છે, જેનાથી જન્મમરણના રોગમાત્ર ટળી જાય છે. જો દિવ્યભાવ ન હોય તો સાધકના સાધનામાર્ગમાં સ્ફૂર્તિ, આનંદ, ઉત્સાહ આવતો નથી. તે વિના જીવનમાં માયકાંગલા જેવા રહેવાય છે. દિવ્યભાવ એ **ગુરુચાવી** છે, તેનાથી બધાં જ બંધ તાળા ઉઘડી જાય, પ્રશ્નમાત્ર ઊકલી જાય. જે વ્યક્તિ પાસે દિવ્યભાવરૂપી સંપત્તિ છે, રોકડ કમાણી છે તેનો તેટલો વધારે **આધ્યાત્મિકપથ** સમૃદ્ધ છે. પછી તેનું રાંકપણું જતું રહે છે અને તેને કૃતાર્થતા, પૂર્ણતાનો **અનુભવ** થવા લાગે છે.

➠ સંપ્રદાયનો **પ્રસિદ્ધ ઈતિહાસ** છે કે, જ્યારે **મુક્તાનંદ સ્વામી**ને એક હિન્દુસ્તાની સંતમાં દોષ દેખાવા લાગ્યો ત્યારે શ્રીજીમહારાજે ધાંગધ્રા ખાખી જમાતની જગ્યામાં મોકલ્યા. ત્યારે ત્યાં ખાખી બાવાઓને વ્યસન-કુટેવમાં જોઈને સ્વામી અકળાઈ ગયા. સ્વામીને મનમાં થયું કે, ''ઓ હો ! ક્યાં ગાય જેવા મહારાજના સંતો ! અને ક્યાં આ...!! મને તે સંતોને વિષે દોષ દેખાયા ! ધિક્કાર છે !''

પછી સ્વામીથી ત્યાં એક પળ પણ રહેવાયું નહિ. ત્યારે રડતે નેત્રે ભગવાન શ્રીહરિને પત્ર લખ્યો. તે પત્રમાં **'મારા વ્હાલાજી શું વ્હાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ; તે વિના કેને ભજીએ...'** આ પદ લખીને મોકલ્યું : ''હે મહારાજ ! કૃપા કરીને મને પાછો બોલાવી લ્યો. કદાચ શૂળી ઉપર શયન કરવા જેવું કષ્ટ આવશે તોપણ હું સહન કરીશ.'' પછી શ્રીજીમહારાજે સ્વામીને

પાછા બોલાવ્યા.

વ્હાલા ભક્તજનો ! મુક્તાનંદ સ્વામી તો અનાદિ **મહામુક્તરાજ** હતા. એમને કાંઈ ન થાય, પણ તેઓના મનુષ્યચરિત્રો ભાવિ મુમુક્ષુઓ માટે સાવધાન થવા માટે હતા. આપણને એ **મનુષ્યચરિત્ર** દ્વારા કહેવા માંગે છે કે, સત્સંગમાં પરમ સુખની જો પ્રાપ્તિ કરવી હોય, સત્સંગમાં દિવસે દિવસે અભિવૃદ્ધિ કરવી હોય તો ભગવાન, ભગવાનના પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને તેમની આજ્ઞામાં રહેતા સંતો-ભક્તોનો ખૂબ **મહિમા** સમજવો.

જીવનમાં અનુભવજો કે, તમને એમાં જ્યારે દોષ દેખાવા લાગશે ત્યારે ઓટોમેટીક પોતાનું જીવન પાછું વળવા મંડશે. પછી તમને ધ્યાન-ભજન કે કથાવાર્તામાં ક્યાંય સુખ નહિ આવે. તમારા જીવનમાં અનેક **દુર્ગુણો**નો **પ્રવેશ** થવા માંડશે.

શ્રીજીમહારાજ **વચનામૃત**માં કહે છે :-

“...ભગવાનનું સ્વરૂપ છે તે તો માયાના જે ગુણ તે થકી પર છે અને સર્વ વિકારે રહિત છે, પણ જીવના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા ભાસે છે. તે ભગવાનને વિષે જે અલ્પમતિવાળા છે તે જેવા જેવા દોષ કલ્પે છે તે ભગવાનને વિષે તો એકે દોષ નથી, પણ કલ્પનારાની બુદ્ધિમાંથી એ દોષ કોઈ કાળે ટળવાના નહિ. તેમાં જે ભગવાનને કામી સમજે છે તે પોતે અત્યંત કામી થઈ જાય છે, અને જે ભગવાનને ક્રોધી સમજે છે તે પોતે અત્યંત ક્રોધી થઈ જાય છે, ને જે ભગવાનને લોભી સમજે છે તે પોતે અત્યંત લોભી થઈ જાય છે, ને જે ભગવાનને ઈર્ષ્યાવાન સમજે છે તે પોતે અત્યંત ઈર્ષ્યાવાન થઈ જાય છે, એ આદિક જે જે દોષ ભગવાનને વિષે કલ્પે છે તે તો જેમ ‘સૂર્ય સામી ધૂડની ફાંટ ભરીને નાંખીએ તે પોતાની આંખમાં પડે છે’ તેમ ભગવાનને વિષે જે જાતનો દોષ કલ્પે છે તે દોષ પોતાને દુ:ખ દે છે.” (વચ.પ્ર.પ્ર. ૨૪)

“...જો મોટાપુરુષનો વિષે કામીપણાનો દોષ પરઠે તો ગમે તેવો નિષ્કામી હોય તોય પણ અતિશય કામી થાય અને મોટાને વિષે ક્રોધી લોભીપણું પરઠે તો પોતે ક્રોધી લોભી થાય.”

(વચ. પ્ર.પ્ર. ૫૮)

“...જે મોટાપુરુષને વિષે દોષ પરઠે છે તે દોષના પરઠનારાની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે અને કામાદિક જે શત્રુ તે સર્વે તેના હૈયામાં આવીને નિવાસ કરે છે. પછી એ સત્પુરુષને વિષે દોષબુદ્ધિનો પરઠનારો જે પુરુષ તેના હૈયામાં ભૂંડા ભૂંડા ઘાટ પણ પીડ્યા કરે છે અને એ સત્સંગ કરે છે તોય પણ દુખિયો મટે નહિ.” (વચ. પ્ર. પ્ર. ૭૩)

“...જેની પ્રૌઢ અવસ્થા હોય અને તે સત્સંગ કરતા થકા બગડે છે તેનું તો કારણ એ છે જે, મોટાપુરુષ હોય તેને વિષે જે જે જાતના દોષ પરઠે તે તે જાતના દોષ પોતાના હૈયામાં આવીને નિવાસ કરે છે.” (વચ. સા. ૧૮)

“...જ્યારે ભગવાનને વિષે એવો દિવ્યભાવ ન સમજે ત્યારે એને વાતેવાતે ધોખો થાય ને ગુણ-અવગુણ લીધા કરે છે જે, ‘આનીકોરનો પક્ષ રાખે છે ને અમારો પક્ષ રાખતા નથી તથા આને વધુ બોલાવે છે ને અમને નથી બોલાવતા અને આને ઉપર વધુ હેત છે ને અમારી ઉપર નથી.’ એવી રીતે ગુણ-અવગુણ પરઠ્યા કરે છે. તેણે કરીને એનું અંતર દિવસે દિવસે પાછું પડીને અંત્યે તે વિમુખ થાય છે.” (વચ. લો. ૧૮)

“...ભગવાનના ચરિત્રને વિષે સંદેહ થાય ને ભગવાનનો અભાવ આવે તો એ જીવ પૂર્ણમાસીના ચંદ્રમાં જેવો હતો પણ પાછો અમાવાસ્યાના ચંદ્ર જેવો થઈ જાય છે. માટે પોતામાં જે કાંઈક થોડી ઘણી ખોટ્ય હોય તે એ જીવને ઝાઝી નડતી નથી, પણ પરમેશ્વરના ચરિત્રમાં કોઈ રીતે સંદેહ થાય અથવા પરમેશ્વરનો કોઈ રીતે અભાવ આવે ત્યારે એ જીવ કલ્યાણના માર્ગમાંથી તત્કાળ પડી જાય છે. જેમ વૃક્ષના મૂળ કપાણાં ત્યારે તે વૃક્ષ એની મેળે જ સુકાઈ જાય, તેમ જેને ભગવાનને વિષે કોઈ રીતે દોષબુદ્ધિ થઈ એ જીવ કોઈ રીતે વિમુખ થયા વિના રહે નહિ.” (વચ. વર. ૧૨)

શ્રીજીમહારાજ અને સત્પુરુષોના વચનોનો વિચાર કરતા જણાશે કે, મુમુક્ષુ જીવાત્માઓને સાધનામાં **મોટામાં મોટું વિઘ્ન** હોય તો તે ભગવાન, ભગવાનના પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને તેમની આજ્ઞામાં રહેતા સંતો-ભક્તોમાં મનુષ્યભાવ છે. મનુષ્યભાવ તો ભયંકરમાં ભયંકર ઝેર છે. જરાક કોઈક લે તો જીવનો નાશ થઈ જાય. લાખો વૉલ્ટેજનો કરંટ છે. અડે તો બળીને ભસ્મ થઈ જવાય. સદ્‌ગુણો ભસ્મ થઈ જાય એટલું જ નહિ, પરંતુ કુટુંબે સહિત કામાદિકનો અધર્મસર્ગ આવીને નિવાસ કરે.



શ્રીજીમહારાજ અને સત્પુરુષોના વચનોનો વિચાર કરતા જણાશે કે, મુમુક્ષુ જીવાત્માઓને સાધનામાં **મોટામાં મોટું વિઘ્ન** હોય તો તે ભગવાન, ભગવાનના પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને તેમની આજ્ઞામાં રહેતા સંતો-ભક્તોમાં મનુષ્યભાવ છે. મનુષ્યભાવ તો ભયંકરમાં ભયંકર ઝેર છે. જરાક કોઈક લે તો જીવનો નાશ થઈ જાય.

તપ, ત્યાગ, સેવા, ભક્તિ, વ્રત, નિયમ વગેરે અનેક સાધનો કરવા છતાં જોઈએ તેવું પરિણામ આવતું નથી, એનું **મુખ્ય કારણ** ભગવાન અને સંતમાં **મનુષ્યભાવ** છે. બીજું બધું જ કરે પણ આમાં નજર પડતી નથી. આ મનુષ્યભાવની મલિનતા દૂર ન થાય ત્યાં સુધી દોષોની મલિનતા દૂર થઈ શકે તેમ છે જ નહિ.

➠ સાચા મા-બાપ એને જ કહેવાય કે, જે પોતાના સંતાનોને **પરમાત્માની**

**ભક્તિનો વારસો** આપે. સંતાનની પ્રાપ્તિ માત્રથી મા-બાપ નથી થવાતું. પરંતુ પોતાને ત્યાં જેણે જન્મ ધારણ કર્યો છે, એવા સંતાનોને મોક્ષને પંથે જ્યારે ગતિશીલ કરે ત્યારે જ એને **સાચા મા-બાપ** કહેવાય છે. પ્રત્યેક મા-બાપની ફરજ છે કે, જેમ સંપત્તિનો વારસો આપે છે તેમ સત્સંગ-સંસ્કારનો પણ વારસો આપે.



પ્રેમની તાકાત ખૂબ **અજોડ** છે. પ્રેમ માનવીને તો બાંધી શકે, પ્રેમ મહાપુરુષોને તો બાંધી શકે, પ્રેમ સ્વયં ભગવાનને પણ બાંધી શકે છે. જે કાર્ય પદાર્થ ન કરી શકે, જે કાર્ય પૈસો ન કરી શકે એ કાર્ય **'પ્રેમ'** કરી દેખાડે છે.

➠ પ્રેમની તાકાત ખૂબ **અજોડ** છે. પ્રેમ માનવીને તો બાંધી શકે, પ્રેમ મહાપુરુષોને તો બાંધી શકે, પ્રેમ સ્વયં ભગવાનને પણ બાંધી શકે છે. જે કાર્ય પદાર્થ ન કરી શકે, જે કાર્ય પૈસો ન કરી શકે એ કાર્ય **'પ્રેમ'** કરી દેખાડે છે.

પ્રેમ કોઈને દબાવવાથી, લાલચથી કે ફસાવીને લઈ શકાતો નથી. પ્રેમ એક સાચા હૃદયના ભાવથી લઈ શકાય છે. પ્રેમની ગાથા તો બહું ન્યારી છે, પ્રેમને જાણવુ પણ મુશ્કેલ છે. પ્રેમ માણસને મળે છે જ્યારે જિંદગીની સફળતા પામે છે ત્યારે, પ્રેમ માણસના જીવનમાં ખૂબજ જરૂરી છે. પ્રેમ માણસના જીવનમાં હોવો જ જોઈએ. પ્રેમને ખાતર જીંદગી જીવી શકાય છે તેમ પ્રેમને માટે થઈને મૃત્યુ પણ પસંદ કરી શકાય છે. પ્રેમ જેના જીવનમાં જાગ્યો તેનાથી શું ન થાય ? તેનાથી તો બધુજ થાય.

વ્હાલા ભક્તો ! જુઓ સંપ્રદાયનો ઈતિહાસ. પ્રેમ જાગ્યો સચ્ચિદાનંદ સ્વામીના જીવનમાં. સચ્ચિદાનંદ સ્વામીને શ્રીહરિને વિષે **અતિગાઢ પ્રેમ** હતો. શ્રીહરિનો જ્યારે વિયોગ થાય ત્યારે સચ્ચિદાનંદ સ્વામી એ વિયોગની વેદના સહન ન કરી શકતા. તેથી તો તેમના રૂવાડે રૂવાડે લોહીના ટચીયાઓ આવી જતા હતા. આ પ્રેમ સચ્ચિદાનંદ સ્વામીને મહારાજને વિષે હતો આને પ્રેમ કહેવાય. પ્રેમનો દરિયો એટલે પ્રેમાનંદ સ્વામી. શ્રીજીમહારાજને વિષે કેટલો ગાઢ પ્રેમ. જેની હદ કે સીમા ન કહેવાય. આ **પ્રેમાનંદ સ્વામી**ની અંદર એક કવિત્વશક્તિ ગજબની હતી. તેનું વર્ણન કરવું પણ અશક્ય છે.

પ્રેમ સરીતારૂપી પ્રેમમૂર્તિ પ્રેમાનંદ સ્વામી એક વખત હાથમાં સીતાર લઈને કીર્તન ગાવા બેઠા છે. અને સીતારના સૂરની સાથે ને શ્રીજીમહારાજના પ્રેમમાં એટલા બધા પ્રેમ મુગ્ધ બની ભગવાન શ્રીહરિને સંભારતા સંભારતા એવું તે કીર્તન ગાઈને કીર્તનનો આલાપ છેડ્યો કે જેનાથી શ્રીજીમહારાજ ડોલી ઊઠ્યા. એટલુ જ નહીં અરે ! મહાપ્રભુ શ્રીહરિનો ઢોલીયો ખેંચાવા લાગ્યો ને શ્રીજીમહારાજના મુખમાંથી શબ્દો સરી પડ્યા કે અરે આ અડધી રાત્રે અત્યારે આવું દર્દિલુ કોણ ગાય છે. અને જ્યાં જુવે ત્યાં તો પ્રેમાનંદ સ્વામી ગાઈ રહ્યાં હોય. તે અડધી રાતના સમયે શ્રીજીમહારાજ સામે ચાલી પ્રેમાનંદ સ્વામીને મળતા. ને ગુલાબનો હાર પહેરાવતા ને અતિ પ્રશંસા દાખવતા. એવા પ્રેમાનંદ સ્વામીના કીર્તનના એક એક પદ તો શું અરે અરે એક એક કડી (પંક્તિ) તો શું પણ એક એક અક્ષરમાં પ્રેમ નિતરતો દેખાય છે. એવી કવિત્વશક્તિથી સભર પ્રેમાનંદ સ્વામીના પ્રેમને કોઈથી પાર પામી શકાય તેમ નથી. માટે તો કહી શકાય છે કે પ્રેમની જ જો કોઈ મૂર્તિ હોય તો એ છે **પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી.**

➠ જેવો પ્રેમ સચ્ચિદાનંદ સ્વામીનો તેવો જ પ્રેમ પ્રેમાનંદ સ્વામીનો, એવો જ પ્રેમ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ સ્નેહગીતામાં ગોપીયોનો **અતિપ્રેમ** કૃષ્ણ પરમાત્માને વિષે વર્ણવ્યો છે. તે જ્યારે સાંભળીએ છીએ કે જોઈએ છીએ ત્યાં તો ખુદની આંખમાં જ એ ગોપીયોના પ્રેમના **આંસુના દર્શન** થાય છે. ભગવાનમાં પાગલ બનેલ ગોપીયોની **પ્રેમ ગાથા** તો કાંઈક અલગ જ છે. અરે ભગવાન કૃષ્ણ પરમાત્માના વિયોગે **પ્રેમ ઘેલી** બનેલ પ્રેમાળ ગોપીકાની કોઈ એવી એક ક્ષણ ન હતી કે એની આંખમાં આંસુની ધારા ન વહી હોય. અરે કવિ તો કહે છે કે આ પ્રેમી ગોપીકાના આંખના કાજળયુક્ત આંસુઓથી તો 'યમુના ખુદ શ્યામ હો ગઈ.' હાલમાં પણ યમુના પાણી આ ગોપીઓના આંસુઓથી શ્યામ છે. આને **પ્રેમ** કહેવાય.

➠ અરે જોઈએ ભીષ્મક મહારાજાની દીકરી બાઈ **રૂકમણિજી**નો પ્રેમ. રૂકમણિજી માત્ર એક પરમાત્માને વિષે જ પ્રેમ રાખતા હતા. પરમાત્મા વિના અન્ય પુરુષ તો હરામ કર્યા હતા. અને રૂકમણિજીના અંતરનો નિર્ધાર ને ઠરાવ કેવો. રૂકમણિજી પ્રભુને વારે વારે વિનંતી કરી કરીને કહેતા : "હે નાથ ! હે કૃપાળુ ! હે પ્રભુ ! હું જો વરૂ તો એક આપને જ વરું, નહી તો ઝેર પીને મરું, પણ અન્ય બીજા કોઈ પુરુષને તો ન જ વરૂ. આ મારા અંતરનો ઠેરાવ, હે નાથ ! મેં આપને કહ્યો. હવે પછી આપની જેમ મરજી હોય તેમ." વ્હાલા ભક્તો આ રૂકમણિજીના જેવો પ્રેમ થાવો ઘણુ કઠણ કામ છે. આવો પ્રેમ જ્યારે પરમાત્માને વિષે થાય ત્યારે તેને **પ્રેમ** કહેવાય. અને સાચો પ્રેમ જ એનું નામ; જે પ્રેમમાં **સમર્પણ**ની **ભાવના** હોય. બલીદાનની ને ખપી જાવાની ભાવના હોય. એવા પ્રેમમાં ક્યારેય સ્વાર્થ ન હોય, લોભ ન હોય, લાલચ ન હોય. અરે ડર પણ ન હોય. એને જ સાચો પ્રેમ જાણવો. માટે એ પ્રેમની પણ તુલના થઈ

શકે તેમ નથી તેમજ તે પ્રેમનું કોઈ **માપ** પણ કાઢી શકે તેમ નથી.

એટલા માટે તો **મુક્તાનંદ સ્વામી**એ પણ કીર્તનમાં ગાયું છે ને...

**'પ્રેમ ન નિપજે દેશ વિદેશે, પ્રેમ ન હાટે વેચાય રે;**
**પ્રેમના પાસંગમાં જે શિર સોંપે, તે જન પ્રેમી થાય રે...**
**પ્રેમની આગળ સાધન સર્વે, રવિ આગળ જેમ તારા રે;**
**મુક્તાનંદ કહે, પ્રેમનો મારગ, પ્રીછે તે પ્રભુજીને પ્યારા રે...'**

માટે વ્હાલા ભક્તો !ભગવાનને વ્હાલા થવા માટે પ્રેમ બરોબર બીજા કોઈ સાધન નથી. માટે પ્રેમ ખૂબજ **મહત્ત્વનું સ્થાન** છે.

ભગવાનને વિશે અતિશય માહાત્મ્યે સહિત આત્યંતિક પ્રેમ એ જ **પ્રેમલક્ષણા ભક્તિ** છે. શ્રીજીમહારાજ કહે છે કે, જેને ભગવાન પ્રત્યે આવો પ્રેમ છે તે - કૃતાર્થ થઈ જાય છે, તેને સદાય સુખ અને શાંતિનો અનુભવ થાય છે, તેને મૃત્યુનો ભય રહેતો નથી, તેને તો સર્વે સાધન સંપૂર્ણ થયા છે, તેને તો કાંઈ કરવું રહ્યું નથી.

આમ, ભગવાન વિશેની પ્રેમલક્ષણા ભક્તિથી સાધકની સાધના ઘણી સરળ થઈ જાય છે. એમને વિશેની પ્રીતિ સાધકને ઘણું ઘણું સહેલાઈથી સિદ્ધ કરી આપે છે.

ભગવાન શ્રીહરિ **વચનામૃત**માં કહે છે :-

- "જેને ગોપીઓના જેવી પ્રેમલક્ષણા ભક્તિ છે તેને તો સર્વે સાધન સંપૂર્ણ થયા છે." (વચ. પ્ર. પ્ર. ૫૬)

- "જેને ભગવાનને વિષે અતિશય પ્રીતિ હોય તેને તો આ વાર્તા સમજાય અથવા ન સમજાય તોપણ તેને કાંઈ કરવું રહ્યું નથી." (વચ. મ. ૯)

- "ભગવાનને વિષે જે અતિશય પ્રીતિ એ ઘણી મોટી વાત છે." (વચ. મ. ૫૬)

➠ ભગવાનના ભક્તો જિંદગીમાં ક્યારેય **નબળો સંગ** કરશો નહિ. આખોય ગંગાજળનો ભરેલો કુંભ, એમાં બે ટીપાં જો દારુના નાખવામાં આવે તો તે આખો કુંભ **દારુ તુલ્ય** ગણવામાં આવે છે. વિચાર કરો ભક્તો ! ૨૫ લીટરનો ગંગાજળનો કુંભ, બે ટીપાં દારુને ગંગાજળ ન કરી શકે. પણ બે ટીપાં દારુ ૨૫ લીટરના ગંગાજળના કુંભને દારુ તુલ્ય કરી નાખે છે.

ભગવાન હરિ સારંગપુરના ૧૮મા **વચનામૃત**માં કહે છે : "કુસંગ મળે ને કુસંગીના વચનને વિષે શ્રદ્ધાવાન થાય તો વૈરાગ્ય વિવેકાદિક જે ગુણ તે સર્વે નાશ પામી જાય છે, જેમ ખાર ભૂમિ હોય ને તેને વિષે ગમે તેટલો મેઘ વરસે પણ તેમાં તૃણાદિક ઉગતાં ન હોય અને તે જ ખાર ભૂમિને વિષે જો પાણીની રેલ આવે તો ખાર સર્વે ધોવાઈ જાય અને જે ઠેકાણે ખાર હતો તે ઠેકાણે કાંપ ચડી જાય, પછી તે કાંપ ભેળાં વડ, પિંપળા આદિક વૃક્ષોનાં બીજ આવ્યાં હોય તે બીજ ઉગીને મોટાં મોટાં વૃક્ષ થાય છે, તેમ જેના હૃદયને વિષે પૂર્વે કહ્યા જે સ્વધર્માદિક ગુણ તે દૃઢ હોય અને જગત સંબંધી વિષય સુખનો અંકુરપણ ઉઠે એમ ન હોય ને તેને જો કુસંગ થાય તો તેના હૃદયને વિષે કુસંગરૂપી પાણીને વેગે કરીને જગતવાર્તારૂપી કાંપ આવીને ભરાય, પછી તે કાંપમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સરાદિક જે બીજ રહ્યાં છે તે સર્વે ઉગીને મોટાં વૃક્ષ થાય છે. માટે ભગવાનના ભક્ત હોય તેણે કોઈ દિવસ કુસંગ ન કરવો."

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદસ્વામી પણ **'વચનવિધિ'** ગ્રંથમાં કહે છે :

**'નઠારો સંગ નરસાતણો, કહું છું કોઇ કરશો નહિ;**
**નાગ વાઘ વિષ વહનિ, એ વિમુખથી સારાં સહિ.**
**કોઇ રીતે કુપાત્રનો, ગુણ ગરી જાય જો ઘટમાં;**
**તો પાર પોત પામતાં, તરી ભાંગ્યું જાણ્યો જઇ તટમાં.**
**પય સાકર સુંદર ત્યાં લગી, જ્યાંલગી ન ભળિ લાળ ભોયંગની;**
**તેમ હરિજન સારો ત્યાં લગી, જ્યાંલગી નથી સોબત કુસંગની.**
**વાવ્યો મોલ સારો ત્યાંલગી, જ્યાંલગી નથી ખવાણો ખડજમાં;**
**તેમ ભક્તની ભલાઇ ત્યાંલગી, જ્યાં લગી ના'વ્યો વિમુખની વડજમાં.**
**જમની જાળ જાણીને, તન મનમાં રાખવો ત્રાસ;**
**ભૂલ્યે પણ હરિભક્તને, નવ બેસવું એહને પાસ.**
**જેમ રાહુ સંગે રાકેશ રવિનું, અતિ તમે થાય તેજ લીન;**
**તેમ હરિ વિમુખના સંગથી, થાય મતિ અતિ મલિન.**
**વાંસ વિછણ્ય વિયા જણ્યે, સુકે એક મુકે શરીરને;**
**એમ કુસંગ અંગમાં આવતાં, મારે મોટા મુનિ ધીરને.'**



ભગવાનના ભક્તો જિંદગીમાં ક્યારેય **નબળો સંગ** કરશો નહિ. આખોય ગંગાજળનો ભરેલો કુંભ, એમાં બે ટીપાં જો દારુના નાખવામાં આવે તો તે આખો કુંભ **દારુ તુલ્ય** ગણવામાં આવે છે.

➠ એક **રાજા** સુતો હતો. ત્યાં **માંકડ** આવ્યો. ત્યારે જુ કહે : 'તું જતો રહે.' તેથી માંકડ બોલ્યો : "તું તો મારી બહેન કહેવાય અને હું તારો ભાઈ, માટે મને રહેવા દે; હું રાજાને નહિ કરડું. " પછી માંકડને રહેવા દીધો. પછી છુપી રીતે માંકડે રાજાને ચટકો ભર્યો ત્યાંતો રાજા જાગી ગયો. એટલે માંકડ ભાગી ગયો. પછી રાજા ચારે તરફ પલંગમાં જોવા લાગ્યો ત્યાં જુ ને જોઈ, તેથી મારી નાખી.

આ દૃષ્ટાંતનો **સિદ્ધાંત** એ છે કે...જુએ માંકડનો પ્રસંગ ફક્ત એક રાત્રી કર્યો તો તેને મરવું પડ્યું. તેમ હરિભક્તો કુસંગનો સંગ કરે તો તેઓને પણ જમપુરીમાં જવું


પડે.

➠ એકવાર **શિયાળ** બધા પશુઓને બોલાવી કહેવા લાગ્યુ : "સાંભળો સાંભળો જંગલનાં સર્વે પ્રાણીઓ ! આ જંગલમાં પ્રલય થવાનો છે, માટે જેને બચવું હોય તેઓ મારી સાથે ભાગવા માંડો અને મારી સાથે આવો." લુચ્ચા શિયાળની વાત સાંભળી સર્વે પ્રાણીઓ તેની પાછળ દોડવા લાગ્યાં. પછી શિયાળતો સર્વેને લઈ એક મોટા કીચડના ખાડા પાસે આવ્યું અને એકદમ કૂદીને તે ઘાસ ઉપર બેસી ગયું. તેની પાછળ બીજા પ્રાણીઓ આવ્યાં, ત્યાંતો કાદવમાં પડ્યાં અને ફસાઇ ગયાં. પછી થોડા દિવસમાં તરફડીને તમામ મૃત્યુ પામ્યાં. પછી શિયાળ તેમનું માંસ ખાવા લાગ્યો.

આ દૃષ્ટાંતનું **રહસ્ય** એ છે કે, કુસંગીઓ ફોસલાવીને ભક્તોને પોતાની સાથે લઇ જાય છે, પછી પોતાના સ્વાર્થ માટે ભક્તોને મુશ્કેલીઓમાં ફસાવી અનેક પ્રકારે પરેશાન કરે છે. માટે દુર્જનોનો સંગ ન કરવો. કારણ કે,...દુર્જન લોકોનો સંગ કોલસા જેવો કહ્યો છે : **'ઉષ્ણો દહતી ચાંગારઃ શીતઃ કૃષ્ણાયતે કરમ્'** - કોલસા ગરમ હોય અને તેને અડીયે તો બળીએ, તથા ઠંડાં હોય ને તેને અડીએ તો હાથ કાળા થાય.

➠ એક ઝાડ નીચે રાજા સુતો હતો. તે સમયે ચાલાક **કાગડો** રાજા ઉપર ચરક્યો, તેથી રાજાને ગુસ્સો આવ્યો એટલે તીર માર્યું, તુરંત કાગડો નિશાન ચુકવીને ઉડી ગયો. પરંતુ તેની બાજુમાં બેઠેલા હંસને તે તીર વાગ્યું તેથી તે નીચે પડ્યો અને બોલ્યો : **'નીચ સંગ પ્રસંગેન, પ્રાસોડસ્મીદંશીં દશામ્'** - નીચ એવા કાગડાનો સંગ કરવાથી મારી આવી દશા થઈ છે.

➠ એક **વાઘ**ને ઉપદેશ આપી હંસોએ માંસ ખાવાનું બંધ કરાવ્યું, તેથી શિયાળોને આ ગમ્યું નહિ. પછી તો એક બ્રાહ્મણને ગુરુ કરાવી હંસો જતા રહ્યા. તેથી બ્રાહ્મણ અમુક દિવસે આવી વાઘને તેની ભાષામાં ઉપદેશ આપી જતો, અને વાઘ બ્રાહ્મણનો મહિમા સમજી તેના ચરણની રજ ચાટતો. તે જોઇને શિયાળોએ પૂછ્યું : "વાઘરાજ ! શું કરો છો ?" ત્યારે વાઘે કહ્યું : "ગુરુના ચરણની રજ ચાટીએ તેથી પવિત્ર થઇએ." તે સાંભળી **લુચ્ચાં શિયાળો** બોલ્યાં : "ચરણને ચાટવાથી પવિત્ર થવાતું હોય તો પછી આખાને આખા ગુરુને ખાઇ જવાથી કેટલા બધા પવિત્ર થઇ જવાય ?" કુસંગી શિયાળોના આવા શબ્દો સાંભળી વાઘ, બ્રાહ્મણને ખાઇ ગયો અને ફરી શિકાર કરી માંસ ખાવા લાગ્યો.



કુસંગીઓ ફોસલાવીને ભક્તોને પોતાની સાથે લઇ જાય છે, પછી પોતાના સ્વાર્થ માટે ભક્તોને મુશ્કેલીઓમાં ફસાવી અનેક પ્રકારે પરેશાન કરે છે. માટે દુર્જનોનો સંગ ન કરવો. કારણ કે,...દુર્જન લોકોનો સંગ કોલસા જેવો કહ્યો છે : **'ઉષ્ણો દહતી ચાંગારઃ શીતઃ કૃષ્ણાયતે કરમ્'**

આ પ્રસંગનું **રહસ્ય** એ છે કે, કુસંગી લોકો સત્સંગીઓના સંગથી સજ્જનો બન્યા હોય, પરંતુ ફરીને કુસંગીઓનો પ્રસંગ થતાં કુસંગીઓ બની જાય છે. એટલા માટે તો હરિજીએ શિક્ષાપત્રીના ૨૭ મા શ્લોકમાં કહ્યું છે કે - "ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી તથા કિમિયા આદિક ક્રિયાએ કરીને જનનો ઠગનારો એ છ પ્રકારના જે મનુષ્ય તેમનો સંગ ન કરવો." અને જે મનુષ્ય ભક્તિનું અથવા જ્ઞાનનું આલંબન કરીને સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદ તેને વિષે અતિશય લોલુપથકા પાપને વિષે પ્રવર્તતા હોય તે મનુષ્યનો સમાગમ ન કરવો."

'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી **વિહારીલાલજી મહારાજશ્રી** કહે છે :

**'થયો વિમુખ સતસંગથી, તેનો જે જન કરશે સંગ;**<br>
**તેની અસર તેને લાગશે, થાશે ભક્તપણાનો ભંગ.**<br>
**હડકવા થયો શ્વાનને, તેની લાળ જેવી વિખ્યાત,**<br>
**સ્પર્શ થયે હરે પ્રાણને, એવી વિમુખ મુખની વાત.**<br>
**ભોરીંગ મોટો ભાળિને, જેમ ડરીને ખશિયે દૂર;**<br>
**તેમજ ડરવું દિલવિષે, જોઇ વિમુખ જનને જરૂર.'**

(શ્રીહરિલીલામૃત : ૫/૨૧)

ઉત્તમ પ્રકારના મુમુક્ષુઓ પણ કુસંગનો સંગ લાગતાં કેવા બની જાય છે તેને સત્ય કરી બતાવતો **મગ્નિરામનો પ્રસંગ** છે.

➠ દ્રાવીડ દેશ (કર્ણાટક)માં બ્રાહ્મણકુળમાં **મગનીરામ**નો જન્મ થયો હતો. બાળપણથી જ તેઓના મનમાં પ્રગટ પ્રભુને મેળવવાની તમન્ના થઇ હતી, તેથી ઘરનો ત્યાગ કરી બંગાળ આવ્યા. ત્યાં તેમણે એવું સાંભળ્યું કે, પીપાભક્તને શારદાદેવીએ ભગવાનનાં દર્શન કરાવ્યાં હતાં. પછી શારદાદેવીનાં દર્શન કરાવે એવાં ગુરુ પાસે ગયા અને દેવીનાં દર્શન કર્યાં, અને તેમને વશ કરી લીધા. તે સમયે તેઓના ગુરુએ પોતાની પુત્રી સાથે લગ્ન કરવાનું કહ્યું, પરંતુ મગનીરામે કહ્યું કે, "હું તો પ્રગટ ભગવાનને મેળવવા માટે નીકળ્યો છું, માટે મારે લગ્ન કરવાં નથી." આ રીતે કહીને ત્યાંથી જગન્નાથપુરી આવ્યા. ત્યાં મોટા મોટા સિદ્ધોની સિદ્ધાઇ જોઇને, તેઓનો પ્રસંગ કર્યો, તેથી તેમના મનમાં થયું કે - "હું પણ મોટો સિદ્ધ બની આ સિદ્ધોની જેમ પૂજાઉં." પછી તેમણે સિદ્ધાઇ બતાવી, મંત્ર-જંત્રના પ્રયોગથી **એક હજાર શિષ્યો** બનાવ્યા અને ગામોગામ ફરી રાજાઓ પાસેથી ધન લઇને સિદ્ધાઇ બતાવી પ્રભુની જેમ પૂજાવા લાગ્યો.

જે કોઇ રાજા અને મઠના મહંતો ધન ન

પાછા બોલાવ્યા.

વ્હાલા ભક્તજનો ! મુક્તાનંદ સ્વામી તો અનાદિ **મહામુક્તરાજ** હતા. એમને કાંઈ ન થાય, પણ તેઓના મનુષ્યચરિત્રો ભાવિ મુમુક્ષુઓ માટે સાવધાન થવા માટે હતા. આપણને એ **મનુષ્યચરિત્ર** દ્વારા કહેવા માંગે છે કે, સત્સંગમાં પરમ સુખની જો પ્રાપ્તિ કરવી હોય, સત્સંગમાં દિવસે દિવસે અભિવૃદ્ધિ કરવી હોય તો ભગવાન, ભગવાનના પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને તેમની આજ્ઞામાં રહેતા સંતો-ભક્તોનો ખૂબ **મહિમા** સમજવો.

જીવનમાં અનુભવજો કે, તમને એમાં જ્યારે દોષ દેખાવા લાગશે ત્યારે ઓટોમેટીક પોતાનું જીવન પાછું વળવા મંડશે. પછી તમને ધ્યાન-ભજન કે કથાવાર્તામાં ક્યાંય સુખ નહિ આવે. તમારા જીવનમાં અનેક **દુર્ગુણો**નો **પ્રવેશ** થવા માંડશે.

શ્રીજીમહારાજ **વચનામૃત**માં કહે છે :-

"...ભગવાનનું સ્વરૂપ છે તે તો માયાના જે ગુણ તે થકી પર છે અને સર્વ વિકારે રહિત છે, પણ જીવના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા ભાસે છે. તે ભગવાનને વિષે જે અલ્પમતિવાળા છે તે જેવા જેવા દોષ કલ્પે છે તે ભગવાનને વિષે તો એકે દોષ નથી, પણ કલ્પનારાની બુદ્ધિમાંથી એ દોષ કોઈ કાળે ટળવાના નહિ. તેમાં જે ભગવાનને કામી સમજે છે તે પોતે અત્યંત કામી થઈ જાય છે, અને જે ભગવાનને ક્રોધી સમજે છે તે પોતે અત્યંત ક્રોધી થઈ જાય છે, ને જે ભગવાનને લોભી સમજે છે તે પોતે અત્યંત લોભી થઈ જાય છે, ને જે ભગવાનને ઈર્ષ્યાવાન સમજે છે તે પોતે અત્યંત ઈર્ષ્યાવાન થઈ જાય છે, એ આદિક જે જે દોષ ભગવાનને વિષે કલ્પે છે તે તો જેમ 'સૂર્ય સામી ધૂડની ફાંટ ભરીને નાંખીએ તે પોતાની આંખમાં પડે છે' તેમ ભગવાનને વિષે જે જાતનો દોષ કલ્પે છે તે દોષ પોતાને દુઃખ દે છે." (વચ. પ્ર.પ્ર. ૨૪)

"...જો મોટાપુરુષનો વિષે કામીપણાનો દોષ પરઠે તો ગમે તેવો નિષ્કામી હોય તોય પણ અતિશય કામી થાય અને મોટાને વિષે ક્રોધી લોભીપણું પરઠે તો પોતે ક્રોધી લોભી થાય."

(વચ. પ્ર.પ્ર. ૫૮)

"...જે મોટાપુરુષને વિષે દોષ પરઠે છે તે દોષના પરઠનારાની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે અને કામાદિક જે શત્રુ તે સર્વે તેના હૈયામાં આવીને નિવાસ કરે છે. પછી એ સત્પુરુષને વિષે દોષબુદ્ધિનો પરઠનારો જે પુરુષ તેના હૈયામાં ભૂંડા ભૂંડા ઘાટ પણ પીડ્યા કરે છે અને એ સત્સંગ કરે છે તોય પણ દુખિયો મટે નહિ." (વચ. પ્ર. પ્ર. ૭૩)

"...જેની પ્રૌઢ અવસ્થા હોય અને તે સત્સંગ કરતા થકા બગડે છે તેનું તો કારણ એ છે જે, મોટાપુરુષ હોય તેને વિષે જે જે જાતના દોષ પરઠે તે તે જાતના દોષ પોતાના હૈયામાં આવીને નિવાસ કરે છે." (વચ. સા. ૧૮)

"...જ્યારે ભગવાનને વિષે એવો દિવ્યભાવ ન સમજે ત્યારે એને વાતેવાતે ધોખો થાય ને ગુણ-અવગુણ લીધા કરે છે જે, 'આનીકોરનો પક્ષ રાખે છે ને અમારો પક્ષ રાખતા નથી તથા આને વધુ બોલાવે છે ને અમને નથી બોલાવતા અને આને ઉપર વધુ હેત છે ને અમારી ઉપર નથી.' એવી રીતે ગુણ-અવગુણ પરઠ્યા કરે છે. તેણે કરીને એનું અંતર દિવસે દિવસે પાછું પડીને અંત્યે તે વિમુખ થાય છે." (વચ. લો. ૧૮)

"...ભગવાનના ચરિત્રને વિષે સંદેહ થાય ને ભગવાનનો અભાવ આવે તો એ જીવ પૂર્ણમાસીના ચંદ્રમાં જેવો હતો પણ પાછો અમાવાસ્યાના ચંદ્ર જેવો થઈ જાય છે. માટે પોતામાં જે કાંઈક થોડી ઘણી ખોટ્ય હોય તે એ જીવને ઝાઝી નડતી નથી, પણ પરમેશ્વરના ચરિત્રમાં કોઈ રીતે સંદેહ થાય અથવા પરમેશ્વરનો કોઈ રીતે અભાવ આવે ત્યારે એ જીવ કલ્યાણના માર્ગમાંથી તત્કાળ પડી જાય છે. જેમ વૃક્ષના મૂળ કપાણાં ત્યારે તે વૃક્ષ એની મેળે જ સુકાઈ જાય, તેમ જેને ભગવાનને વિષે કોઈ રીતે દોષબુદ્ધિ થઈ એ જીવ કોઈ રીતે વિમુખ થયા વિના રહે નહિ." (વચ. વર. ૧૨)

શ્રીજીમહારાજ અને સત્પુરુષોના વચનોનો વિચાર કરતા જણાશે કે, મુમુક્ષુ જીવાત્માઓને સાધનામાં **મોટામાં મોટું વિઘ્ન** હોય તો તે ભગવાન, ભગવાનના પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને તેમની આજ્ઞામાં રહેતા સંતો-ભક્તોમાં મનુષ્યભાવ છે. મનુષ્યભાવ તો ભયંકરમાં ભયંકર ઝેર છે. જરાક કોઈક લે તો જીવનો નાશ થઈ જાય. લાખો વૉલ્ટેજનો કરંટ છે. અડે તો બળીને ભસ્મ થઈ જવાય. સદ્‌ગુણો ભસ્મ થઈ જાય એટલું જ નહિ, પરંતુ કુટુંબે સહિત કામાદિકનો અધર્મસર્ગ આવીને નિવાસ કરે.



શ્રીજીમહારાજ અને સત્પુરુષોના વચનોનો વિચાર કરતા જણાશે કે, મુમુક્ષુ જીવાત્માઓને સાધનામાં **મોટામાં મોટું વિઘ્ન** હોય તો તે ભગવાન, ભગવાનના પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને તેમની આજ્ઞામાં રહેતા સંતો-ભક્તોમાં મનુષ્યભાવ છે. મનુષ્યભાવ તો ભયંકરમાં ભયંકર ઝેર છે. જરાક કોઈક લે તો જીવનો નાશ થઈ જાય.

તપ, ત્યાગ, સેવા, ભક્તિ, વ્રત, નિયમ વગેરે અનેક સાધનો કરવા છતાં જોઈએ તેવું પરિણામ આવતું નથી, એનું **મુખ્ય કારણ** ભગવાન અને સંતમાં **મનુષ્યભાવ** છે. બીજું બધું જ કરે પણ આમાં નજર પડતી નથી. આ મનુષ્યભાવની મલિનતા દૂર ન થાય ત્યાં સુધી દોષોની મલિનતા દૂર થઈ શકે તેમ છે જ નહિ.

➠ સાચા મા-બાપ એને જ કહેવાય કે, જે પોતાના સંતાનોને **પરમાત્માની**

જેને અડે તેને કુસંગી બનાવી દે છે. તથા ગુણાતીતાનંદસ્વામી પણ કહેતા કે -''જ્યાં વસ્તીનો ઘસારો હોય ત્યાં ઝાડ હોય નહિ, તેમ ભૂંડા માણસોનો જોગ(સંગ) થાય ત્યારે સારુ અંતર રહે નહિ.''

દીપ પ્રગટ કરવા માટે ઘી, વાટ અને દીવાસળીની જરૂર પડે છે, પરંતુ તેને બુઝાવવા માટે એક ફૂંક કાફી છે. - તેમ ભક્ત બનવા માટે ઘણાં સાધનોની જરૂર પડે છે, પરંતુ દુર્જન બનવા માટે કુસંગની એક ફૂંક કાફી છે. તેથી તો સદ્‌ગુરુ **ભૂમાનંદ સ્વામી**એ કક્કામાં લખ્યું છે કે :

**'ઉઉ ઉદ્વેગનું અગાર, કુસંગ છે કહું છું નિરધાર;**
**કરી સત્સંગ સાધીલે કાજ, ભવજળ તરવાનું એ ઝાઝ;**
**નહિતો જાશો જમને દ્વાર - ઉઉ...'**

➠ ભાલ પ્રદેશમાં **કુકડ** નામનું ગામ છે. ત્યાં **ભગવાનસિંહ** રાજા હતા. તેઓ ધાર્મિક હતા અને સંતોની સેવા પણ કરતા હતા. પરંતુ એક ચારણનો કુસંગ લાગવાથી હોકો પીતાં અને અફીણ ખાતાં થઈ ગયા. તેમજ કુસંગી ચારણના સંગના કારણે ભગવાન શ્રીહરિની નિંદા કરતા થઈ ગયા.

પછી એક રાત્રીએ ભગવાન શ્રીહરિએ દર્શન દઈ કહ્યું : ''તમો અમારી નિંદા કરો છો અને ચારણ પાસે દરરોજ સો ગાળો દેવડાવો છો તે પાપે કરીને તમારે જમપુરીમાં જવું પડશે અને ખૂબ દુઃખ ભોગવવું પડશે.''

ભગવાન શ્રીહરિના આવાં વચન સાંભળી ભગવાનસિંહ રાજાએ માફી માગી અને એકાંતિક ભક્ત બની ગયા. પછી આજીવન લાલજી રાખી સેવા કરી.

➠ ચરોતરમાં આણંદ પાસે **નાવલી** નામનું ગામ છે, ત્યાં લાલદાસભાઈ પાટીદાર હતા. તેઓએ મહી નદીના કિનારે શ્રીજીમહારાજના વનવિચરણ દરમ્યાન નીલકંઠ વર્ણીરૂપે જમાડ્યા હતા તેથી ભગવાન શ્રીહરિએ સંકલ્પ કર્યો હતો કે - ''એના કુળનો ઉદ્ધાર કરે એવો લાલદાસને દીકરો થાય.'' પછી તેમને દીકરો થયો અને **કશિયાભાઈ** નામ પાડ્યું.

સોળ વર્ષની ઉંમર થતાં વેદાંતિનો સંગ થયો, તેથી પરમાત્માને નિરાકાર માનવા લાગ્યા. પછી વરતાલથી ભગવદાનંદસ્વામી નાવલીમાં આવ્યા અને એક દિવસ ને એક રાત્રી શાસ્ત્રાર્થ કરી અદ્વૈતમતનું ખંડન કરી કશિયાભાઈને ચુસ્ત સત્સંગી કરી દીધા.

કશિયાભાઈ કેટલા મહાન હતા ? કે જેઓને જન્મ હરિજીના સંકલ્પથી જ થયો હતો, છતાં પણ કુસંગનો યોગ થવાથી ભગવાનને નિરાકાર માનવા લાગ્યા હતા. એટલા માટે જ 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ કહ્યું છે :

**'કુસંગિનો સજ્જન કોઇ સંગ, કરે ચડે અંગ કુસંગ રંગ;**
**જો ઉજળુ વસ્ત્ર વિશેષ હોય, કાળું થશે કાજળસંગ તોય,**
**પવિત્ર જાશે અપવિત્ર પાસે, જરૂર તો તે અપવિત્ર થાશે;**
**જો કુંભ ગંગાજળનો જણાય, તે મદ્ય છંટાય અશુદ્ધ થાય.**
**કુસંગીસંગે સુજનો પિડાય, તે સંગનો દોષ સદા ગણાય;**
**લોહી પિને માંકડ નાશિ જાય, તે સંગથી માર પલંગ ખાય.**
**સારો છતાં સ્વલ્પ કુસંગ થાય, તો રૂપ તેનું બદલાઇ જાય;**
**જો દૂધમાં સ્વલ્પ પડે જ છાશ, મીઠાશ જૈને પ્રગટે ખટાશ.**
**કુપાત્રને સંગ સુપાત્ર જાય, કુપાત્રમાં તો ગણતાં ગણાય;**
**જો અંધમાં દેખક એક હોય, તે અંધટોળીજ ગણાય તોય.**
**ચોખાતણું છે નરજાતિ નામ, જો દાળમાં જૈ કરશે વિરામ;**
**તો તેહનું સૌ પુરુષત્વ જાશે, ખરેખરી તો ખિચડી ગણાશે.**
**કુસંગ જો અંગ કરે પ્રવેશ, ધર્મીતણો ધર્મ રહે ન લેશ;**
**જો ધર્મરાજા બહુ જાણનાર, જુગારિસંગે રમિયા જુગાર.'**

✤ ✤ ✤ ✤ ✤

**'વારી વારિદ એકથી વરશિયું જે છીપમાં જૈ પડ્યું,**
**તેનું મોતિ થયું થઇ શરકરા જે શેલડીમાં ચડ્યું;**
**પેહું વાંસ વિષે થયું કપુર તે સર્પાસ્ય ઝેરી થયું,**
**જેવો સંગ જણાય તેવું જગમાં જે નીર જ્યાં જ્યાં ગયું.'**

(શ્રીહરિલીલામૃત : ૩/૧૫)

સ.ગુ. શ્રી **ગોપાળાનંદ સ્વામી** પોતાની વાતોમાં કહે છે : ''ગમે તેવો નિષ્કામી હોય પણ જો કામીનો જોગ કરે તો તે પણ કામી થાય. તથા ગમે તેવો નિર્લોભી હોય ને જો લોભીનો સંગ કરે તો તે પણ લોભી થઈ જાય. ઈત્યાદિક ભૂંડાને સંગે ભૂંડો થાય છે, માટે જે મુમુક્ષુ હોય ને પોતાના દોષને ટાળવાની ઈચ્છા હોય તેણે દોષવાળાથી તો જેમ સર્પ તથા વાઘ થકી બીને છેટે રહેવાય છે, તેમ બીને છેટે રહેવું. તથા ભગવાનની મૂર્તિને સંભારવી, તેને વિષે નિરંતર જાગૃત વર્તતા હોય એવા સાધુનો ખાતાં, પીતાં, ચાલતાં એ આદિક સર્વે ક્રિયામાં સંગ કરવો. તથા રાત્રીએ સૂવું ત્યારે પણ એવા પાસે સૂવું.'' (૩/૨૮)

સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** 'ઉપદેશામૃત'માં કહે છે :

''આ જીવનો સ્વભાવ તો જેમ નદીયું ખારા પાણીમાં જઈને ભળે છે તેમ કુસંગમાં ભળે એવો છે. (૫૧)

બીજો બહારનો કુસંગ - જે સ્વામિનારાયણને ભગવાન ન કહે તેનો સંગ, તે બહારનો કુસંગ જાણવો. અને ત્રીજો અંતઃકરણનો કુસંગ-જે સંકલ્પ કર્યા વિના રહેવાય નહિ અને સાંભળ્યા કે જોયા વિના રહેવાય નહિ એ સર્વે અંતઃકરણનો કુસંગ કહેવાય. (૧૪૭)

**ક્રમશઃ**
**(વધુ આગામી અંકોમાં)**



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી

## ખસ







ગઢડા પ્રદેશના ખસ (બોટાદ) ગામને આંગણે યોજાયેલ શ્રી ભક્ત ચિંતામણી કથા પારાયણ પ્રસંગે કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.

## વડોદરા








વડોદરાને આંગણે ન્યાલકરણ ગ્રુપ આયોજીત શ્રી સિદ્ધેશ્વર વિલાનું ખાતમુહૂર્ત કરતા પૂ. શ્રી દ્વારકેશલાલજી મહારાજ તથા સાથે પૂ. નાનાલાલજી મહારાજશ્રી.

## અકાળા









જૂનાગઢ પ્રદેશના અકાળા (માળીયા-હાટીના) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં યોજાયેલ સત્સંગ સમારોહ.

## નાના માચીયાળા








ગઢડા પ્રદેશના નાના માચીયાળા (જી. અમેરલી) ગામને આંગણે મંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે યોજાયેલ કથાપારાયણ પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.

## નાના ઝીંઝુડા





ગઢડા પ્રદેશના નાના ઝીંઝુડા (તા. સાવરકુંડલા)ગામે આંગણે પ.ભ. શ્રી અશ્વિનભાઈ સુદાણી પરીવારના યજમાનપદે પૂ. શ્રી દિપકભાઈ શાસ્ત્રી વ્યાસાસને યોજાયેલ 'શ્રીમદ્ ભાગવત કથાપારાયણ' પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા વૈષ્ણવાચાર્ય શ્રી રાજુબાવાશ્રી.

## મહુવા








ગઢડા તાબાના મહુવા શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરમાં બિરાજમાન શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી ઘનશ્યામ મહારાજ, તથા શ્રી લક્ષ્મીનારાયણ આદિક દેવોના '૩૫મા વાર્ષિક પાટોત્સવ' પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પૂ. સ્વામી તથા પૂ. કોઠારી સ્વામી આદિક સંતો તથા પાટોત્સવના ઉપલક્ષ યોજાયેલ શ્રી ભક્ત ચિંતામણી કથાપારાયણ





વડતાલ પ્રદેશના સીંજીવાડા (તારાપુર)ને આંગણે મંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની નિશ્રામાં યોજાયેલ સત્સંગ સભા.




વડતાલ પ્રદેશના બીલીમોરા (નવસારી)ને આંગણે મંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં યોજાયેલ સત્સંગ સભા.




જૂનાગઢધામને આંગણે કળથીયા પરિવાર(પીપળ)ના યજમાપદે યોજાયેલ શ્રી રાધારમણ આદિક દેવોના વાર્ષિક પાટોત્સવ.




સાવરકુંડલાને આંગણે મહિલા મંદિરમાં યોજાયેલ શ્રીહરિયાગ યજ્ઞમાં બીડું હોમવા પધારવા પ.પૂ. લાલજી મહારાજશ્રી.

## સરધારધામ



સરધારધામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે અગીયારમો 'શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ' (તા. ૨ થી ૫-૫-૨૦૧૫)

## વિરસદ





વડતાલ પ્રદેશના વિરસદને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં યોજાયેલ સત્સંગ સભા.

## બોટાદ





ગઢડા તાબાના બોટાદ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરમાં બિરાજમાન શ્રીહરિકૃષ્ણ મહારાજ શ્રી રાધાકૃષ્ણ આદિક દેવોના 'વાર્ષિક પાટોત્સવ' તથા નૂતન મુખ્ય દરવાજાનું ઉદ્‌ઘાટન પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રી.

## કેરાળાધાર





ગઢડા પ્રદેશના કેરાળાધાર (તા. સાવરકુંડલા) ગામને આંગણે યોજાયેલ શ્રીમદ્ ભાગવત કથા પારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.

## કુંભારીયા






ગઢડા પ્રદેશના કુંભારીયા (તા.રાજુલા) ગામને આંગણે ભગવાન શ્રીહરિના અર્ચાસ્વરૂપની પુનઃ પ્રતિષ્ઠા કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.

## મોટા ગોખરવાળા





મોટા ગોખરવાળા (તા.જી. અમરેલી) ગામને આંગણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિરનો ઉજવાયેલ 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' (તા. ૨૫-૪-૧૫)

## બાઢડા





બાઢડા (તા.સાવરકુંડલા) ગામને આંગણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ હરિમંદિરનો ઉજવાયેલ 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' (તા. ૯-૫-૧૫)

## ધંધુકા





ધંધુકા શહેરને આંગણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિરનો ઉજવાયેલ 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' (તા. ૧૧-૫-૧૫)

## ચંદરવા





ચંદરવા (જી. બોટાદ) ગામને આંગણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ હરિમંદિરનો ઉજવાયેલ 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' (તા. ૧૧-૫-૧૫)

## નાના સમઢીયાળા










જૂનાગઢ પ્રદેશના નાના સમઢીયાળા (તા. ઉના) ગામને આંગણે પ.ભ. શ્રી વિઠ્ઠલભાઈ દોંગાના યજમાનપદે પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજીના વ્યાસાસને યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ' પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.

## રાજુલા





ગઢડા તાબાના રાજુલા શહેરને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિર - ભક્તિનગરનો 'રજતજયંતી મહોત્સવ' તથા પૂ. કોઠારી સ્વામીના વક્તાપદે શ્રીમદ્ ભાગવત કથાપારાયણ.

ફિફાદ








મોટા ગોખરવાળા (તા.જી. અમરેલી) ગામને આંગણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિરનો ઉજવાયેલ 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' (તા. ૨૫-૪-૧૫)



શ્રી રઘુવીરવાડી-વડતાલને આંગણે પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં

# અખંડ અધિક માસ શ્રીહરિયાગ યજ્ઞાનુષ્ઠાન

**તારીખ :-** ૧૭-૬-૨૦૧૫, અધિક અષાઢ સુદ - ૧ થી તા. ૧૬-૭-૨૦૧૫ અધિક અષાઢ વદ - ૩૦ સુધી

## સ્વામિનારાયણ ચિંતન માસિક પ્રકાશન માલિકી અંગેની માહિતી

**Form - 8**

૧. પ્રકાશન સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
૨. પ્રકાશન સમય : માસિક - દર મહિનાની ૨૦મી તારીખે
૩. મુદ્રકનું નામ : શ્રીજી આર્ટ
રાષ્ટ્રીયતા : હિન્દી
સરનામું : આશ્રમ રોડ, પાલડી - અમદાવાદ
૪. તંત્રીનું નામ : સાધુ પતિતપાવનદાસજી
રાષ્ટ્રીયતા : હિન્દી
સરનામું : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫
૫. માલિક : સાધુ પતિતપાવનદાસજી
રાષ્ટ્રીયતા : હિન્દી
સરનામું : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫

હું સાધુ પતિતપાવનદાસજી આથી જાહેર કરું છું કે ઉપર બતાવેલી બાબતો મારી જાણ અને સમજ મુજબ સાચી છે.

**સહી :** સાધુ પતિતપાવનદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

## આજે જ જુઓ અને તપાસો... આપનું લવાજમ ક્યારે પૂરું થાય છે ?

વ્હાલા ભક્તજનો ! 'શ્રી સ્વામિનારાયણ ચિંતન'ના દરેક અંકમાં સરનામાના લેબલ (મેઈલ બોક્સ) ઉપર આપનો ગ્રાહક નંબર અને આપનું લવાજમ પૂરું થવાના મહિના-વર્ષની માહિતી આપવામાં આવે છે. માટે આપના 'શ્રી સ્વામિનારાયણ ચિંતન'ના કવર પર સરનામાનું લેબલ હંમેશા તપાસતા રહો, અને લવાજમ પૂરું થાય તે પહેલાં જ આશરે ૪૦ દિવસ પહેલા 'શ્રી સ્વામિનારાયણ ચિંતન કાર્યાલય -સરધાર'માં આપનો ગ્રાહક નંબર આપીને લવાજમ ભરવું, જેથી 'શ્રી સ્વામિનારાયણ ચિંતન'નો એક પણ અંક ચૂકી ન જવાય. અને હા, દર વર્ષે લવાજમ ભરવાનું યાદ રાખવું પડે તે કરતાં પાંચ વર્ષનું અથવા આજીવન લવાજમ એકસાથે પણ ભરી શકાય છે. સરનામાના લેબલના નીચે આપેલા નમૂના પરથી આપ આપના અંકનું લેબલ તપાસતા રહો અને નવું લવાજમ ભરવાની પ્રક્રિયા સમયસર કરતા રહો...

**મું. ડોંબીવલી (ઈ)** ગ્રા. નં. 1
**શ્રી સ્વામિનારાયણ મંદિર**
રાજાજી રોડ, બેંક ઓફ ઈન્ડિયાની સામે,
રેલ્વે બ્રીજની બાજુમાં,
ડોંબીવલી (ઈસ્ટ) - ૪૨૧૨૦૨
**જી. થાણા - મુંબઈ.** પોસ્ટીંગ તા. ૨૦-૪-૨૦૧૨
તમારું લવાજમ તા. 20/10/2030ના રોજ પુરું થાય છે.

**આ છે આપના અંકના લવાજમ સમાપ્તિની તારીખ**

દર મહિનાના પહેલા રવિવારે **સરધારધામ**માં યોજાતી

**:: તારીખ ::** ૭-૬-૨૦૧૫

# ॥ અભયદાન માસિક સત્સંગ સભા ॥

**:: સમય ::** સવારે ૯ થી ૧

**સ્થળ :-** શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩

## ઘરને ભક્તિમય વાતાવરણ બનાવવા.... આજે જ આપ વસાવો...

સંતો-ભક્તોના ભાવવાહી સુમધુર કંઠે ગવાયેલ તન-મન અને હૃદયને પુલકીત કરતી

# સુમધુર સંગીત સુરાવલી સાથે કીર્તન-ભક્તિની ઓડિયો MP3 CDનો અલૌકિક રસથાળ...

- લાલજીને લટકે
- કીર્તનધારા
- સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીના ૧૦૮ કીર્તનપદો
- સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીના કીર્તનપદો
- શ્રી સ્વામિનારાયણ મંગલકારી ધૂન
- વ્હાલાજી-શોભા પદ ગાન - માનસી પૂજા વર્ણન
- નિત્ય સાયં સમારાધના
- હરિવર મારે હાથે જમાડું
- હિંડોરનામે
- મહામંત્ર કીર્તન સરીતા
- શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન
- શ્રી રઘુવીરજી મહારાજ જીવન-દર્શન
- નંદસંતોની ઉપદેશવાણી
- પ્રભાતિયા
- શ્રીમદ્ સત્સંગિજીવન સંવાદગાથા
- પ્રેમ અમૃતધારા
- ભજન આરાધના
- ભક્તરંજની
- હિતકારી હરિ
- શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન (યુ.એસ.એ.)
- કીર્તન ભક્તિ સંધ્યા - સરધાર (લાઈવ પ્રોગ્રામ)
- કીર્તન ભક્તિ સંધ્યા - મહુવા (લાઈવ પ્રોગ્રામ)
- કીર્તન ભક્તિ સંધ્યા - જૂનાગઢ (લાઈવ પ્રોગ્રામ)
- છેલકુંવર ઘનશ્યામજી (ડી.જે. કીર્તન)
- પ્રીતમજી પ્યારા
- જપો જન શ્રી ઘનશ્યામ
- આજ મારે ઓરડે રે
- જય જય વિશ્વવિહારી
- આવોને અલબેલા
- પ્રથમ શ્રીહરિને...
- પ્રીતમ મેરે પ્યારે




**પ્રાપ્તિ સ્થાન : સરધાર :** શ્રી સ્વા. મંદિર, તા.જી. રાજકોટ. ફો. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, ૭૬૦૦૦૫૮૫૦૪. **વડતાલ :** શ્રી રઘુવીર વાડી, પૂ. ધર્મવલ્લભ સ્વામી - મો. ૭૬૦૦૦૨૭૧૩૪. **મહુવા :** શ્રી સ્વા. મંદિર, ખારગેટ - મો. ૮૧૨૮૬૯૧૫૧૫. **ભાવ નગર :** શ્રી સ્વા. મંદિર, ચિત્રા, નારચોકડી - મો. ૯૮૯૮૦૨૫૨૫૧. **સુરત :** શ્રી સ્વા. મંદિર, શ્રીજીનગર વિ-૨ વરાછા રોડ, સ્પીનીંગ મીલની બાજુમાં. મો. ૮૧૨૮૬૯૧૫૧૩. **ડોંબીવલી :** શ્રી સ્વા. મંદિર, રાજાજી રોડ, રેલ્વે બ્રીજની બાજુમાં. ફો.નં. ૦૨૫૧ - ૨૪૫૩૮૭૫.

પ.ભ. શ્રી વાલજીભાઇ વી. વરસાણીના
સિસલ્સગમનના 40 વર્ષ

અ.નિ. ધનબાઇ વાલજીભાઇ વરસાણીની
5 મી પુણ્યતિથિ પ્રસંગે



# શ્રી સ્વામિનારાયણ મહોત્સવ અંતર્ગત

## ॥ શ્રીમદ્ સત્સંગિજીવન ॥

કથા પારાયણ

:: તારીખ ::

6 થી 15 -8-2015

કથા સમય : બપોરે ૪:૦૦ થી ૮:૦૦



:: અધ્યક્ષશ્રી ::
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



:: ઉપાધ્યક્ષશ્રી ::
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

વક્તા : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - સરધાર

:: નિમંત્રક તથા આયોજક :: પ.ભ. શ્રી હરિશભાઇ વાલજીભાઇ વરસાણી (હરિ બિલ્ડર્સ - સિસલ્સ)

સ્થળ : Hari Builders (Pty)Ltd, Victoria,Mahe - seychelles.

## ખાસનોંધ

કુદરતી સૌંદર્યથી ભરપૂર સિસલ્સ દેશમાં આયોજીત શ્રી સ્વામિનારાયણ મહોત્સવમાં જોડાવા ઈચ્છતા ભક્તો(સ્ત્રી-પુરુષ)એ તા. ૩૦-૫-૨૦૧૫ સુધીમાં નીચે જણાવેલ સંપર્ક પર પોતાના **પાસપોર્ટ** અને **ફોટા**ની ૩-૩ **ઝેરોક્ષ કોપી** અને **ટીકીટ રકમ** જમા કરવાની રહેશે.

**બુકીંગ માટે સંપર્ક :-**
**મીત ટુર્સ અને ટ્રાવેલ્સ - રાજકોટ.**
**સતીષભાઈ - મો.** ૯૯૯૮૮૬૨૧૦૯, ૮૫૩૦૯૧૨૩૪૫
**E-mail. :** satish.mehta3@gmail.com

**BANK DETAILS :**
**BANK :** ICICI BANK RAJKOT
**NAME :** MEET TOURS & TRAVELS
**A/C No. :** 015305500652 ( CURRENT ACCOUNT )
JAIHIND PRESS BULIDING RAJKOT ( GUJRAT ) 360001
**IFSC CODE :** ICIC0000153

**વધુ માહિતી માટે સંપર્ક :- સરધાર :- પૂ. પતિતપાવન સ્વામી - મો.** ૭૬૦૦૦૫૮૫૦૫

**વડતાલ દેશ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના ભાવિઆચાર્ય**
**પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું**
**સંતમંડળ સાથે**



# વિદેશ સત્સંગ પરિભ્રમણ - ૨૦૧૫

| | | |
|---|---|---|
| **અમેરિકા :-** | તા. ૨૦-૫-૨૦૧૫ થી ૧૫-૬-૨૦૧૫. | **સંપર્ક :-** ૦૦૧ ૭૩૨-૯૩૦-૧૦૦૮ |
| **કેનેડા-અમેરિકા :-** | તા. ૧૭-૭-૨૦૧૫ થી ૨૮-૭-૨૦૧૫. | **સંપર્ક :-** ૦૦૧ ૭૩૨-૯૩૦-૧૦૦૮ |
| **સિસલ્સ :-** | તા. ૧૩-૮-૨૦૧૫ થી ૧૬-૮-૨૦૧૫. | **સંપર્ક :-** ૦૦૨૪૮ ૨૫૧૦૬૩૩ |
| **હેરો-લંડન :-** | તા. ૧૭-૮-૨૦૧૫ થી ૨૩-૮-૨૦૧૫. | **સંપર્ક :-** ૦૦૪૪ ૭૭૯૮૬૫૭૨૧૬ |
| **દુબઈ :-** | તા. ૨૫-૮-૨૦૧૫ થી ૨૭-૮-૨૦૧૫. | **સંપર્ક :-** ૦૦૯૭૧ ૫૦૭૩૬૨૦૮૨ |

For More Information & Live broadcast Please Visit: **www.svg.org**





**નૂતન હરિમંદિર મૂર્તિ પ્રતિષ્ઠા**
**કોલડા (જૂનાગઢ પ્રદેશ)**





જૂનાગઢ પ્રદેશના **કોલડા** (તા.કુંકાવાવ) ગામને આંગણે **પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના સાન્નિધ્યમાં સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ **નૂતન શ્રી સ્વામિનારાયણ હરિમંદિર**નો ઉજવાયેલ **'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ'** તથા **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'** (તા. ૧૧ થી ૧૫-૫-૨૦૧૫)





**નૂતન હરિમંદિર મૂર્તિ પ્રતિષ્ઠા**
**વિરડી (ગઢપુર પ્રદેશ)**





ગઢપુર પ્રદેશના **વિરડી** (તા. ગારીયાધાર) ગામને આંગણે **પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના સાન્નિધ્યમાં સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ **નૂતન શ્રી સ્વામિનારાયણ હરિમંદિર**નો ઉજવાયેલ **'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ'** તથા **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'** (તા. ૧૨ થી ૧૬-૫-૨૦૧૫)









ગઢપુર પ્રદેશના ગુંદરણી (તા. મહુવા) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ હરિમંદિરનો ઉજવાયેલ 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૨૫ થી ૨૯-૪-૨૦૧૫)









વડતાલ પ્રદેશના ગુંજાર (તા. ધંધુકા) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ હરિમંદિરનો ઉજવાયેલ 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૭ થી ૧૧-૫-૨૦૧૫)




વડતાલ પ્રદેશના **સાયણ** (સુરત) ગામને આંગણે પ.પૂ. **આચાર્ય મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના સાન્નિધ્યમાં **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે પ.ભ શ્રી જયંતિભાઈ રવજીભાઈ રૈયાણી તથા શ્રી રમેશભાઈ પરસોતમભાઈ સાંકડાસરીયા (ભક્તિ ડેવલોપર્સ)ના સંપૂર્ણ આર્થિક સેવાથી તૈયાર થયેલ **નૂતન શ્રી સ્વામિનારાયણ હરિમંદિર**નો ઉજવાયેલ **'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ'** તથા **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'** (તા. ૧૯ થી ૨૩-૪-૧૫)




વડતાલ પ્રદેશના **બારડોલી**ને આંગણે પ.પૂ. ધ.ધુ. **આચાર્ય મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના સાન્નિધ્યમાં **પૂ. ઘનશ્યામ સ્વામી** તથા **પૂ. શા. સ્વામી શ્રી સર્વમંગલદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ **નૂતન શ્રી સ્વામિનારાયણ** હરિમંદિરનો ઉજવાયેલ **'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ'** તથા **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના વક્તાપદે યોજાયેલ **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'** (તા. ૧૯ થી ૨૩-૪-૨૦૧૫)

















તીર્થધામ સરધારને આંગણે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીનામાર્ગદર્શન પ્રમાણે યોજાયેલ કીર્તન સંગીત - લોકસાહિત્ય - સંતવાણી - હાસ્ય તથા ગૌરવવંતા ગુજરાતની સામાજિક પ્રતિભાનો દ્વિતીય 'રત્નાકર સન્માન સમારોહ' (તા. ૫-૫-૧૫)

૧. દિપ પ્રાગટ્ય. ૨. સ્વાગત નૃત્ય - સરધાર મંદિર છાત્રાલય વિદ્યાર્થી મંડળ. ૩. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત કરીને ભાવથી ભેટતા સંયોજક પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી. ૪. સમારોહનો લાભ લેવા પધારેલ વિશાળ ભક્તજનસમુદાયને આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા નયનરમ્ય સ્ટેજ દૃશ્યમાન. ૫. અનમોલ ખત્રીના સુમધુર કંઠે ગવાયેલ નંદસંતો રચિત કીર્તનપદોની ઓડીયો સી.ડી. 'પ્રીતમ મેરે પ્યારે'નું વિમોચન. ૬. ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ - ૨૦૧૪માં આપણા પાંચ-પાંચ રેકોર્ડનો સમાવેશ થયો છે તે પ્રિન્ટબુકનું વિમોચન. ૭. પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સ્વામીને મૂર્તિ અર્પણ કરતા સરધાર સમસ્ત ગામ સમાજ વતી અગ્રગણ્યજનો.

Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007